dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 8 | Issue- 04 | AD - 2024, Aaso Sud -02 | Friday, Dt.04-10-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00





### સેબીએ લીધેલા કડક નિર્ણયોને કારણે બજારમાં નિરાશા

# શેરબજાર કડડભૂસ : રોકાણકારોના ૧૦.૫૮ લાખ કરોડ સ્વાહા

ન્યુ દિલ્હી,તા.૦૩

શેરબજારમાં ઘટાડાની સ્થિતિ એવી છે કે સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨ શેરો ઉછાળા સાથે અને ૨૮માં ઘટાડા સાથે કારોબાર થયો હતો. નિફ્ટીના ૫૦ શેરોમાંથી માત્ર ૪ શેર વધ્યા હતા જ્યારે ૪૬ શેરોમાં ઘટાડો જોવા મળ્યો હતો. વધતા શેરોમાં, **JSW** સ્ટીલમાં ૧.૭૬ ટકાનો વધારો, ટાટા સ્ટીલમાં ૦.૩૦ ટકાનો વધારો, **ONGC**માં ૦.૧૯ ટકાનો વધારો, ડૉ. રેડ્ડીઝમાં ૦.૦૩ ટકાનો વધારો થયો હતો. જ્યારે **L&T**માં ૪૧.૪ ટકા, મારુત સુઝુકીમાં ૪.૦૫ ટકા, એશિયન પેઈન્ટ્સમાં ૪.૦૪ ટકા, રિલાયન્સમાં ૩.૭૫ ટકા, એક્સિસ બેન્કમાં ૩.૭૦ ટકા, બજાજ ફિનસર્વમાં ૩.૭૦ ટકા, બજાજ ફાઈનાન્સમાં ૩.૬૭ ટકાનો ઘટાડો થયો હતો. બજારના ઘટાડાની સુનામીને કારણે રોકાણકારોને રૂ. ૧૦.૫૮ લાખ કરોડનું નુકસાન થયું છે. **BSE** પર લિસ્ટેડ શેરોનું માર્કેટ કેપ રૂ. ૧૦.૫૮ લાખ કરોડ ઘટીને રૂ. ૩૬૪.૨૮ લાખ કરોડ થયું છે, જે અગાઉના સત્રમાં રૂ. ૩૭૪.૮૬ લાખ કરોડ હતું. ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વધતા તણાવની અસર વિશ્વભરના શેરો પર જોવા મળી રહી છે અને ભારતીય શેરબજાર પણ તેની અસરથી બાકાત નથી. મધ્ય પૂર્વમાં તણાવના કારણે કાચા તેલના ભાવમાં વધારો થયો છે. તણાવને કારણે બ્રેન્ટ ક્રૂડની કિંમત પ્રતિ બેરલ ૭૫ ડોલરની નજીક પહોંચી ગઈ હતી જેના કારણે ભારતીય બજાર ઘટ્યું હતું. ઉપરાંત, મંગળવાર, ૧ ઓક્ટોબરના રોજ, શેરબજાર નિયામક સેબીએ ફ્યુચર્સ અને વિકલ્પો પર ઘણા કડક નિર્ણયો લીધા છે, જે ૨૦ નવેમ્બરથી લાગુ થવા જઈ રહ્યા છે. જેના કારણે બજારમાં નિરાશા જોવા મળી રહી છે. તેમજ ચીનમાં રાહત પેકેજની જાહેરાત બાદ રોકાણકારો ચીન તરફ વળ્યા છે જેના કારણે ભારતીય શેરબજારમાં બેચેની જોવા મળી રહી છે.



# સરકારી દવાખાનામાં મફત દવા મામલે બિહાર દેશમાં પ્રથમ, ગુજરાત ટોપ-૧૦માં પણ નહી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૩

દવા મામલે બિહાર દેશમાં પ્રથમ સ્થાને છે. કેન્દ્ર સરકાર દ્વારા જારી કરાયેલા આંકડા મુજબ સરકારી હોસ્પિટલોમાં દર્દીઓને મફત દવાઓના કરાતા વિતરણમાં બિહાર દેશમાં પ્રથમ ક્રમે છે. કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે સપ્ટેમ્બરમાં માસિક રેન્કિંગ જાહેર કર્યું હતું. આ માહિતીમાં સામે આવ્યું કે દર્દીઓ માટે જરૂરી એવી દવાની સરકારી સહાય આપવા બિહાર અગ્રેસર છે. જ્યારે રાજસ્થાન બીજા ક્રમે અને તેલંગાણા આ મામલામાં ત્રીજા સ્થાન પર જોવા મળ્યું. કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના રિપોર્ટ મુજબ દર્દીઓને આવશ્યક દવાઓના વિતરણમાં બિહાર ૭૭.૨૨ ટકા પોઈન્ટ સાથે પ્રથમ સ્થાન પર જ્યારે રાજસ્થાન ૭૬.૯૧ ટકા પોઈન્ટ સાથે બીજા ક્રમે અને તેલંગાણા ૬૯.૧૪ ટકા પોઈન્ટ સાથે ત્રીજા ક્રમ પર છે. હોસ્પિટલોમાં જરૂરિયાતમંદ દર્દીઓને રાહત મળે માટે દવાઓની ઉપલબ્ધતાનું સંચાલન કરવામાં આવે છે. મફત સરકારી દવાખાનામાં ગુજરાત ટોપ-૧૦માં પણ સ્થાન પામ્યું નથી.

# વાયુ પ્રદૂષણ મામલે કેન્દ્ર, હરિયાણા અને દિલ્હી સરકારને 'સુપ્રીમ' ઠપકો

ન્યુ દિલ્હી,તા.૦૩

સુપ્રીમ કોર્ટે ગુરુવારે કેન્દ્ર, પંજાબ અને હરિયાણા સરકારને દિલ્હીમાં વાયુ પ્રદૂષણને પહોંચી વળવા માટે પૂરતા પગલાં લેવામાં નિષ્ફળ રહેવા બદલ ઠપકો આપ્યો હતો. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે વાયુ પ્રદૂષણને કાબૂમાં લેવા માટે જમીન પર કશું જ નક્કર કરવામાં આવી રહ્યું નથી, સુપ્રીમ કોર્ટે હવા ગુણવત્તા વ્યવસ્થાપન (**CAQM**) અને પંજાબ અને હરિયાણાની સરકારો સામે દંડાત્મક પગલાં કેમ લીધાં નથી. ખેડૂતો અને અધિકારીઓ કે જેમણે પરાળ સળગાવવા બદલ તેમની સામે કાર્યવાહી કરી? સુપ્રીમ કોર્ટે કહ્યું કે પંચે પોતે જ તેના નિર્દેશોના અમલીકરણ માટે કોઈ પગલાં લીધા નથી. આયોગ પરાળ સળગાવવાની ઘટનાઓને રોકવામાં નિષ્ફળ રહ્યું છે.



# ટોબેકો ફ્રી યુથ કેમ્પેઈન ૨.૦ અંતર્ગત રાજુલાના તમામ ગામોમાં સ્મોક ફ્રી વિલેજનો ઠરાવ કરાયો

રાજુલા, તા.૦૩



તમાકુના ઉપયોગથી થતી મહામારી અટકાવવા રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત સ્મોક ફ્રી વિલેજ એટલે કે ધુમ્રપાન મુક્ત ગામ તેમજ વ્યસનમુક્તિ અંગેનો સંકલ્પ લેવડાવવામાં માટે રાજુલા તાલુકાના તમામ ગામોમાં ૨ જી ઓક્ટોમ્બરના રોજ ગ્રામસભાનું આયોજન કરવામાં આવેલ, જેમાં રાજુલા તાલુકાની ૬૯ ગ્રામ પંચાયતોમાં સ્મોક ફ્રી વિલેજનો ઠરાવ કરવામાં આવ્યો હતો. રાજુલા તાલુકાની ગ્રામસભાઓમાં હાજર લોકો દ્વારા તમાકુ કે તમાકુની તમામ બનાવટોથી મુક્ત થવા અને સમાજ તમાકુના દુષણથી મુક્ત થાય તે માટે યોગદાન આપવા માટેનો તમાકુ નિષેધ સંકલ્પ લઈ ધૂમ્રપાન મુક્ત ગામનો ઠરાવ કરવામાં આવેલ. શાળા/કોલેજોની ૧૦૦ વારની ત્રિજ્યામાં કોઈ તમાકુની બનાવટોનું વેચાણ ન કરે અને જો કોઈ વેચતા હોય તો તેમને તમાકુ નિયંત્રણ અધિનિયમ ૨૦૦૩ની કલમોના ભંગ બદલ દંડ અને વસૂલાતની કાર્યવાહી કરવામાં આવનાર હોવાનું જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યાએ જણાવેલ હતું.

# અમરેલી તાલુકાના કેરીયાનાગસ ગામે આયુષ્માન ભારત આરોગ્ય મંદિરનું લોકાર્પણ

અમરેલી, તા.૦૩



અમરેલી તાલુકાના કેરીયાનાગસ ગામે ગુજરાત સરકારના આરોગ્ય પરિવહન કલ્યાણ વિભાગ દ્વારા નવા પી.એચ.સી. સબ સેન્ટર આયુષ્માન ભારત આરોગ્ય મંદિરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા દ્વારા લોકાર્પણ તેમજ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન મનસુખભાઈ ગાંગડીયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આરોગ્ય ચેરમેન અશ્વિનભાઈ કુંજડીયા, ઉપપ્રમુખ રામભાઈ સાનેપરા, મુકેશભાઈ બગડા, જિલ્લા આરોગ્ય અધિકારી આર.એમ.જોશી સાહેબ, એ.કે.સિંગ સાહેબ, દિલીપભાઈ સાવલિયા, તાલુકા પ્રમુખ કિશોરભાઈ કાનપરિયા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. વધુમાં, સરપંચ રાજુભાઈ મેવાડા, આગેવાન ઘનશ્યામભાઈ લાભિંયા, ભરતભાઈ હરખાણી, કલ્પેશભાઈ મેતલિયા, યુનીભાઈ માઢવ સહિત અનેક ગ્રામજનો હાજર રહ્યા હતા.

# બાબરા પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની મિટિંગ મળી



બાબરા, તા.૦૩

નવરાત્રી મહોત્સવ તથા દશેરાના દિવસે ભગવાન રામની શોભાયાત્રાની ઉજવણી અંતર્ગત બાબરા પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની મિટિંગનું આયોજન કર્યું હતું. જેમાં સમાજના આગેવાનો, વેપારી મહામંડળના પ્રમુખ, કારોબારી સભ્યો અને ગામડામાંથી સરપંચો ઉપસ્થિત રહ્યા હતા.

# બાબરા તાલુકાના ગામડાંઓના રોડ રસ્તાઓ માટે ૧૦ કરોડ ૨૦ લાખની ફાળવણી

બાબરા, તા.૦૩



લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા અને સાંસદ ભરતભાઈ સુતરીયાના પ્રયાસોથી બાબરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના રોડ-રસ્તાઓની સુધારણા માટે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ૧૦ કરોડ ૨૦ લાખ રૂપિયાની માતબર રકમ મંજૂર કરવામાં આવી છે. આ ફાળવણીમાં બાબરા તાલુકાના ઈસાપર-આંબલીધાર વચ્ચેના ૯ કિલોમીટર લાંબા રોડના રીસરફેસિંગ માટે ૨ કરોડ ૭૦ લાખ રૂપિયાનો સમાવેશ થાય છે. આ મંજૂરી ૪ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા આપવામાં આવી છે. તળાવીયા અને સુતરીયાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને કરેલી રજૂઆતના પરિણામે આ મંજૂરી મળી છે. આ પ્રોજેક્ટથી ગ્રામીણ વિસ્તારોના રહેવાસીઓ અને પ્રવાસીઓને લાભ થશે તેમજ સ્થાનિક લોકોની રસ્તાઓની સમસ્યાનું નિરાકરણ આવશે. આ પ્રોજેક્ટથી ચોમાસા દરમિયાન ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓ સુંદર અને સુગમ્ય બનશે, જેના માટે સ્થાનિક ખેડૂતો અને માલધારીઓએ બંને નેતાઓની ગામડાઓ પ્રત્યેની ભાવનાની કદર કરી છે.

# મોટા ભંડારિયાની કૃષિ મહાવિદ્યાલય ખાતે "સ્વચ્છતા ઝુંબેશ રેલી" યોજાઇ

અમરેલી, તા.૦૩



જૂનાગઢ કૃષિ યુનિ. અંતર્ગત કાર્યરત કૃષિ મહાવિદ્યાલય મોટા ભંડારિયા ખાતે ભારત સરકારના "સ્વચ્છતા હી સેવા-૨૦૨૪" અભિયાનમાં અત્રેની કૃષિ યુનિવર્સિટીના કુલપતિની પ્રેરણાથી તેમજ નિયામક, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓ, જૂનાગઢ અને કૃષિ મહાવિદ્યાલયના આચાર્યના માર્ગદર્શન હેઠળ થોરડી ગામમાં ૧ ઓક્ટોબરના રોજ "સ્વચ્છતા ઝુંબેશ રેલી"નું આયોજન એન.એસ.એસ. પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર તૃપ્તિ ડોડીયા દ્વારા કરવામાં આવેલ હતું. તેમાં કુલ ૮૪ જેટલા સ્વયંસેવકોએ ભાગ લઈ ગામમાં જુદી જુદી જગ્યાએ સ્વચ્છતા વિશેના સૂત્રો બોલીને રેલીનો પ્રોગ્રામ આયોજિત કર્યો હતો.

# ધારીના વાઘાપરા વિસ્તારમાં બે જૂથ વચ્ચે સશસ્ત્ર અથડામણ

ધારી, તા.૦૪



ધારીના વાઘાપરા વિસ્તારમાં બે જૂથ વચ્ચે સશસ્ત્ર અથડામણ થતા ૬ લોકો ઈજાગ્રસ્ત થયા છે.જાણવા મળતી વિગત પ્રમાણે જૂની અદાવતને લઈને બે જૂથો વચ્ચે ધોકા, છરી વડે અથડામણ થઈ હતી. જેમાં છ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ઘટનાની જાણ થતા જ ધારી પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ઈજાગ્રસ્તોને પ્રથમ ધારી દવાખાને ખસેડાયા હતા અને ત્યારબાદ વધુ સારવાર અર્થે અમરેલી હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા છે.

# સાવરકુંડલામાં શૈક્ષણિક સંકુલ ખાતે ગાંધી જયંતી નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા

સાવરકુંડલા, તા.૦૩



સાવરકુંડલાના એસ. એમ.જી.કે. શૈક્ષણિક સંકુલમાં ગાંધી જયંતીના અનુસંધાને સ્કૂલમાં ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને સ્વચ્છતા અભિયાન અને એક પાત્રીય અભિનય અને ગાંધીજીના વિચારો રજૂ કરતી એક સ્પીચ રાખેલ હતી. તેમાં વિદ્યાર્થીઓએ હોંશભેર ભાગ લીધો હતો. ચિત્ર સ્પર્ધા અને નિબંધ સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

# રાજુલાની જે. એ. સંઘવી હાઈસ્કૂલના એન.એસ.એસ. યુનિટ દ્વારા સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી

રાજુલા, તા.૦૩



શ્રી જે.એ. સંઘવી હાઈસ્કૂલના એન.એસ.એસ. યુનિટ દ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત રાજુલા બસ સ્ટેશન તેમજ જાફરાબાદ તાલુકાના વરૂડી માતાજી મંદિર તેમજ સરકેશ્વર મહાદેવ મંદિર જેવા દરિયા કિનારાના સ્થળોએ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ સ્વચ્છતા અભિયાનમાં શાળાના ટ્રસ્ટી બિપીનભાઈ લહેરી તેમજ શાળાના આચાર્ય જે.એમ. વાઘના માર્ગદર્શનમાં શાળાના એન.એસ.એસ. યુનિટના કો-ઓર્ડીનેટર એમ.એમ. નિમાવત તેમજ શાળાના મદદનીશ શિક્ષક એચ.ડી. ગુજરીયા દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# અમરેલી ખાતે સંકલિત પોષણ વ્યવસ્થાપન વિષય ઉપર ૧૫ દિવસીય તાલીમ કાર્યક્રમની શરૂઆત

અમરેલી, તા.૦૩



કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, અમરેલી દ્વારા ઈન્ટીગ્રેટેડ ન્યુટ્રીયન્ટ મેનેજમેન્ટ ફોર ફર્ટીલાઈઝર ડીલર્સ એટલે કે સંકલિત પોષણ વ્યવસ્થાપન વિષય ઉપર પંદર દિવસીય સર્ટિફિકેટ તાલીમ ઈનપુટ ડીલર મિત્રો માટે શરૂ કરવામાં આવ્યો છે. જેના ઉદ્‌ઘાટન સમારોહમાં વિસ્તરણ શિક્ષણ નિયામક જૂ.કૃ.યુ., જૂનાગઢ ડૉ. એન.બી. જાદવે હાજર રહી તાલીમાર્થીઓને આ કોર્સના મહત્વ વિષે સમજાવ્યું હતું. આ કાર્યક્રમમાં સહ વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. એચ. સી. છોડવડિયા, પ્રમુખ અમરેલી જિલ્લા એગ્રો. એસોસિએશન રમેશભાઈ કાથરોટિયા અને ઉપ પ્રમુખ, અમરેલી જિલ્લા એગ્રો. એસોસિએશન મેહુલભાઈ ધોરાજીયા પણ ઉપસ્થિત હતાં. આ તાલીમ કાર્યક્રમનું તા. ૩૦/૦૯/૨૦૨૪ થી ૧૫/૧૦/૨૦૨૪ સુધી આયોજન કર્યું છે.

# જીએચસીએલ અને વીટીઆઈ દ્વારા સ્વચ્છતા હી સેવા અભિયાનની ભવ્ય ઉજવણી

રાજુલા,તા.૦૩




તસવીર : ગોપાલ રાઠોડ

સોલ્ટ અને મરીન કેમિકલ્સ ડિવિઝન અને વોકેશનલ સ્કિલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા "સ્વચ્છતા હી સેવા" કાર્યક્રમ અંતર્ગત સ્વચ્છતા પખવાડિયાની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વીટીઆઈના તાલીમાર્થીઓએ સ્વચ્છતાના સંદેશને વિવિધ કલાત્મક માધ્યમો દ્વારા રજૂ કર્યો હતો. કાર્યક્રમમાં તાલીમાર્થીઓએ ચિત્ર સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, નાટક, વક્તૃત્વ, કાવ્ય પઠન, ગીત અને સૂત્રોચ્ચાર જેવી વિવિધ કૃતિઓ રજૂ કરી હતી. દરેક કૃતિનો મુખ્ય વિષય સ્વચ્છતાનું મહત્વ અને તેના માટેની જાગૃતિ હતો. પ્રદર્શન કરનારા તાલીમાર્થીઓને પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યા હતા.


Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંર્પૂણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com






મુકેશ સંઘાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંઘાણી 98242 33314

અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી

ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીગ • ઈન્શાયુરન્સ પોલીસી

શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?

વ્યાજબી ભાવ | શ્રેષ્ઠ ગ્રાહક સેવા | ગુણવતાયુકત કામ | પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ

મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# ચલાલા રક્ષાશક્તિ સ્કૂલમાં કરાટેની તાલીમ આપનાર બહેનોનું સન્માન

ધારી,તા.૦૩


તસવીર : સંજય વાળા

ગાયત્રી સંસ્કાર વિદ્યાલય સંચાલિત રક્ષાશક્તિ સ્કૂલના શુભ ઉદ્દઘાટન પ્રસંગે ગુજરાત રાજ્ય શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈ ડિંડોર આવેલ હતા. જેમાં અમરેલી જિલ્લા કરાટે કોચ હદીસા મહેતર અને રિધ્ધિ મહેતાની તાલીમ હેઠળ શાળાની દીકરીઓને નારી સશક્તિકરણ માટે કરાટે તેમજ સેલ્ફ ડિફેન્સનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેનાથી પ્રોત્સાહિત થઈ નારી શક્તિને પ્રોત્સાહન આપવા બદલ અને શાળામાં વિદ્યાર્થીઓને કરાટેની શ્રેષ્ઠ તાલીમ આપવા બદલ અમરેલી જિલ્લા કરાટે કોચ મહેતર હદીસા મજીદભાઈ અને મહેતા રિધ્ધિ નવીનભાઈનું શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈ ડિંડોર તેમજ ગાયત્રી પરિવાર ટ્રસ્ટના શિલ્પી ડૉ. રતિદાદા શાસ્ત્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

# કુંકાવાવના લુણીધાર ખાતે સગર્ભા મહિલાઓની તપાસ, સુખડી વિતરણ કરાયું

અમરેલી,તા.૦૩



કુંકાવાવ તાલુકાના લુણીધાર આયુષ્યમાન આરોગ્ય કેન્દ્ર ખાતે આયુષ્યમાન ભવ કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. તાલુકા હેલ્થ કચેરી કુંકાવાવના સહયોગથી આયોજન કરવામાં આવ્યું હતું. મેડિકલ ઓફિસર ડોક્ટર વિવેક ઘેલાણી દ્વારા સગર્ભા મહિલાઓની તપાસ, એનસીડી નિદાન કેમ્પ, આયુષ્માન કાર્ડ, આધાર કાર્ડ તેમજ સગર્ભા મહિલાઓને સુખડીના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં હેલ્થ સુપરવાઈઝર પ્રફુલભાઈ ગજેરા, જાવેદભાઈ મુલતાણી, નરેશભાઈ ગજેરા, જીગ્નેશભાઈ કાલાવડીયા, વર્ષાબેન ભુવા, અજયભાઈ, લુણીધાર ગ્રામ પંચાયતના ઉપ સરપંચ કિરીટભાઈ તેમજ રિંકલબેન જાદવ તેમજ આશાબેન દ્વારા આ કેમ્પને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવેલ હતી.

# રાજયના ઉર્જામંત્રી કનુભાઈ દેસાઈએ કરી બાવકુભાઈ ઉંધાડ સાથે મુલાકાત

અમરેલી,તા.૦૩



અમરેલી જિલ્લાના પ્રવાસે પધારેલા ગુજરાત રાજ્યના ઉર્જામંત્રી કનુભાઈ દેસાઈએ પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઉંધાડના નિવાસ્થાને ઔપચારિક મુલાકાત લીધી હતી. આ તકે તેમની સાથે રાજકીય સામાજિક આગેવાનો જોડાયા હતા. ઉર્જામંત્રી કનુભાઈ દેસાઈ સાથે બાવકુભાઈ ઉંધાડે ખેડૂતોને મળતી વીજળીના પ્રશ્ને ચર્ચા કરી હતી.

# અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા મહાત્મા ગાંધીને પુષ્પાંજલિ અર્પણ કરાઈ

અમરેલી, તા.૦૩



૨ ઓક્ટોબરે ગાંધી જયંતીના અવસરે અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા મહાત્મા ગાંધીને શ્રદ્ધાસુમન અર્પણ કરવાનો કાર્યક્રમ ગાંધી બાગ ખાતે યોજાયેલ હતો. આ પ્રસંગે જિલ્લા સમિતિના આગેવાનોએ પૂજ્ય બાપુના વિચારો અને મૂલ્યોને યાદ કર્યા હતા. કોંગ્રેસ પક્ષ હમેશા ગાંધી વિચારના પાયા પર રચાયેલ પક્ષ છે. આ અવસરે પૂજ્ય બાપુની પ્રતિમા પર જિલ્લા કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ ડી. કે. રૈયાણી, શહેર કોંગ્રેસ પ્રમુખ સંદીપ પંડ્યા, પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય ટીકુભાઈ વરૂ, રફીકભાઈ મોગલ, મુઝફ્ફર હુસેન સૈયદ સાહેબ, નરેશભાઈ અધ્યારૂ, જમાલભાઈ મોગલ, સંદીપ ધાનાણી, ભાવેશ પીપળીયા, પ્રહલાદ સોલંકી, અનકભાઈ, જગદીશ તળાવિયા, જગદીશ પાનસુરિયા, અશ્વિનસિંહ ગોહિલ, રમેશભાઈ ગોહિલ, જનક પંડ્યા, બાબુભાઈ પાણીયા, અરવિંદભાઈ સીતાપરા સહિતના કોંગ્રેસ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લામાંથી નશામાં ચૂર થઈને ફરતાં ૧૧ ઈસમો ઝડપાયા

**લાઠીમાં રહેતો એક યુવક કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ટુ વ્હીલ ચલાવતાં પકડાયો**

અમરેલી, તા.૦૩

અમરેલી જિલ્લામાંથી પોલીસે નશામાં ચૂર થઈને ફરતાં ૧૧ ઈસમોને ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી હતી. મોટા રીંગણીયાળા, જાફરાબાદ, વડીયા, પાંચ તલાવડા, છાપરી, ગોરડકા, અમરેલીમાંથી આ ઈસમો ઝડપાયા હતા. લાઠીનો રહેવાસી એક યુવક કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ટુ વ્હીલ ચલાવતાં ચાવંડમાંથી પકડાયો હતો.

**મહે.તાલુકા એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં**
**મું.રાજુલા.**

જન્મ/ મરણ નોંધ પ. કેસ.નં./૪૦૬/ ૨૦૨૪

અરજદારનું નામ :- માવજીભાઈ ભવાનભાઈ ગેલાણી
સરનામું :- સાજણાવાવ, તા. રાજુલા, જી.અમરેલી. મો. ૯૨૬૫૧ ૦૧૧૫૪

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ /મરણ નોંધણી રજીસ્ટ્રાર -વ- તલાટી કમ મંત્રીશ્રી, ગામઃ-સાજણાવાવ, તા. રાજુલા, જી. અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉપરોકત અરજદારે તેના પુત્રી **નીતાબેન માવજીભાઈ ગેલાણી નો જન્મ તા.૨૬/૦૩/૧૯૮૧ નાં રોજ** તથા **બીજી પુત્રી નીશાબેન માવજીભાઈ ગેલાણી નો જન્મ તા.૨૦/૦૬/૧૯૮૩** નાં રોજ ગામ સાજણાવાવ મુકામે તેના રહેણાંકના સ્થળે થયાની ઉપરોકત સામાવાળાના રજીસ્ટરે નોંધ કરાવવા સદર કોર્ટમાં અરજદારના **વકીલ શ્રી એ.એ.લાખાણી** મારફત અરજ કરેલ છે. તો સદર નોંધ અંગે કોઈપણને કોઈ વાંધો, વિરોધ કે તકરાર હોય તો, સદર નોટિસ પ્રસિદ્ધ થયાના દિન ૭ માં અત્રેની કોર્ટમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂ અથવા મુખત્યાર કે માહિતગાર કરેલ વકીલ મારફત હાજર રહી, વાંધા તથા પુરાવા રજૂ કરવા જાણ કરવામાં આવે છે. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી. આજરોજ મારી સહી તથા કોર્ટ નાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ : રાજુલા.**
**તા.:- ૩/૧૦/૨૦૨૪**
કોર્ટનો સિક્કો
**સહી.**
**તાલુકા એક્ઝિક્યુટિવ મેજી.શ્રી રાજુલા**

# બરવાળા બાવળ ગામે ઈલેક્ટ્રિક શોક લાગવાથી પુરુષનું મોત

વડીયા, તા.૦૩

વડીયાના બરવાળા બાવળ ગામે ઈલેક્ટ્રિક શોક લાગવાથી એક પુરુષનું કરૂણ મોત થયું હતું. બનાવ અંગે ભુખલી સાંથળી ગામે રહેતા ગોબરભાઈ ભીખાભાઈ જાદવ (ઉ.વ.૬૦)એ જાહેર કર્યા મુજબ, હીરાભાઈ ગોબરભાઈ જાદવ (ઉ.વ.૪૫) બરવાળા બાવળ ગામે પોતાના ફઈના ઘરે આંટો મારવા ગયા હતા. ત્યાં સ્લેબના હુકમાં ટીંગાડેલી બરણી લેવા જતા અચાનક કયાંક ઈલેક્ટ્રિક વાયર લીક હોવાથી ઈલેક્ટ્રિક શોક લાગવાથી મરણ પામ્યા હતા.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

ગં.સ્વ.મંજુલાબેન કાંતિલાલ આચાર્ય (ઉ.વ.૮૭)નું તા.૨/૧૦/૨૦૨૪ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે સ્વ. કાંતિલાલ શિવશંકર આચાર્યની સુપુત્રી તથા સ્વ. ભાસ્કરભાઈ કાંતિલાલ આચાર્યના મોટા બેન તેમજ ચિરાગભાઈ આચાર્ય અને જાગીનભાઈ આચાર્યના ફૈબા છે. તેમની સાદડી તા.૪/૧/૨૪ને શુક્રવારના રોજ સાંજે ૪થી ૬ કલાકે શ્રી પરશુરામ ઉપવન વાડી ગર્લ્સ હાઈસ્કૂલ પાસે સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

ગૌ.વા. ચંપાબેન કુલચંદભાઈ જોબનપુત્રાનું તા.૧/૧૦/૨૦૨૪ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે મહેન્દ્રભાઈ કુલચંદભાઈ જોબનપુત્રા અને નવલભાઈ જોબનપુત્રાના માતૃશ્રી છે. તેમનું બેસણુ તા.૪/૧/૨૪ને શુક્રવારના રોજ સાંજે ૪થી ૬ કલાકે લોહાણા મહાજન વાડી વંડા મુકામે રાખેલ છે.

અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટુઝ • કેરાટીન • શાઈનર • હાઈલાઈટસ • નેલ આર્ટ • સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા • બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ • નેનો પ્લાસ્ટી • હેર એક્સટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેન્ડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ કયારેય સસ્તુ ન હોય, સસ્તુ કયારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી
CHEMICAL INDUSTRIES SHED IN GUJARAT
ROOF TOUCH SHEETS
2015 CERTIFIED COMPANY GOVERNMENT DONE SITE

શાંત અને રમણીય વાતાવરણ સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂ.૯૯૯
ડીલક્સ રૂમ રૂ.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી

પ્રોફેશનલ ફેમિલી સ્પા હવે અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.799/-
કપલ માટે Rs.1399/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa Amreli
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
અમરેલી બ્રાન્ચ -૧: અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ. Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨: સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, Mo.98242 65665

ખુશખબર... ખુશખબર... ખુશખબર...
હવે આપના નજીકના સ્ટોરમાં ઉપલબ્ધ
અવધ બેસન
વણેલા ગાંઠીયા, ફાફડા તેમજ ચટાકેદાર ફરસાણ માટે સ્પેશ્યલ અવધ બેસન, તો રાહ શેની જુઓ છો...? આજે ઘરે લાઈ આવો અને અવધ બેસનમાંથી ફરસાણ બનાવીને મજા માણો
દરેક રીટેલર તથા હોલસેલર પાસે ઉપલબ્ધ
અવધ બેસન તેમજ અવધ કરકરો ૫૦૦ ગ્રામ તથા ૧ - કિલો પેકિંગમાં ઉપલબ્ધ
સમજદાર ગૃહિણીની પહેલી પસંદ એટલે અવધ બેસન
સોમનાથ બેસન ઈન્ડસ્ટ્રીઝ
પ્લોટ નં.૮૨-૧. જી.આઈ.ડી.સી.અમરેલી
ફોન: ૨૪૦૧૧૧/૨૪૦૧૧, મો.૯૮૨૪૨ ૩૦૫૧૫

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, ચામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

# સા.કુંડલાના આંબરડી ગામમાં ગાંધી વંદના કાર્યક્રમ યોજાયો

**દિપકભાઈ માલાણીએ ગાંધીજીના ઉમદા વિચારો રજૂ કર્યા**

સાવરકુંડલા તા.૦૩



સાવરકુંડલા તાલુકાના આંબરડી ગામે ગાંધી વંદના કાર્યક્રમ યોજાયો હતો. કેળવણી મંડળના મેનેજિંગ ટ્રસ્ટી દિપકભાઈ માલાણીના માર્ગદર્શન નીચે વર્ષોથી બીજી ઓક્ટોબરના દિવસે આંબરડી ગામની અંદર ગાંધી વંદના કાર્યક્રમ યોજવામાં આવે છે. આ કાર્યક્રમમાં સમગ્ર ગામના વડીલો, માતાઓ, ભાઈઓ બહેનો તેમજ વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં જોડાયા હતા. વિદ્યાર્થીઓએ ગાંધીજીના જીવન ઉપર વિવિધ ભજનો, ગીતો તેમજ સંવાદ રજૂ કર્યા હતા.

કાર્યક્રમના અંતમાં દિપકભાઈ માલાણીએ "ગાંધીજીના ઉમદા વિચારો અને વિશ્વફલક ઉપર તેની છાપ" વક્તવ્ય રજૂ કર્યું હતું.

# રાજુલાના રાભડા ગામે સાર્વજનિક સ્થળોએ કચરાપેટી મૂકવામાં આવી

**ગ્રામસભા દરમિયાન સ્વચ્છતા જાળવવાનો ગ્રામજનોએ સંકલ્પ લીધો**

અમરેલી,તા.૦૩




અમરેલી જિલ્લામાં 'સ્વચ્છતા હી સેવા' અભિયાનને વ્યાપક સમર્થન મળી રહ્યું છે. જિલ્લાના છેવાડાના વિસ્તારો સુધી સ્વચ્છતાનો સંદેશ પહોંચી રહ્યો છે.

રાજુલા તાલુકાના રાભડા ગામે ગ્રામસભા અંતર્ગત સાર્વજનિક સ્થળોએ કચરાપેટી મૂકવામાં આવી હતી. ગામના સરપંચના અધ્યક્ષ સ્થાને યોજાયેલી ગ્રામસભામાં ગામના તલાટી કમ મંત્રી અને આગેવાનો અને ગ્રામજનોની ઉપસ્થિતિમાં ગામના ધાર્મિક સ્થળ, દુકાનો, જાહેર સ્થળોએ કચરો નાખવા માટે કચરાપેટીઓ મૂકવામાં આવી હતી.

આ પ્રસંગે ગ્રામજનોએ સ્વચ્છતા જાળવવાનો સંકલ્પ લીધો હતો.

# મહુવામાં પતિએ માતા સાથે મળી પત્નીને ઢીકાપાટુ માર્યા

**પરિણીતાએ પિયર આવીને ફરિયાદ નોંધાવી**

સાવરકુંડલા, તા.૦૩

સાવરકુંડલામાં રહેતી એક યુવતીના લગ્ન મહુવાના યુવક સાથે થયા હતા. લગ્નના છ મહિના સુધી બધું બરાબર ચાલ્યા બાદ સાસરિયાએ કનડગત શરૂ કરી હતી. જેને લઈ પિયર આવીને પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ખુશબુબેન અતુલભાઈ નાથજી (ઉ.વ.૨૩) એ મહુવામાં રહેતા પતિ સતિષભાઈ દિનેશભાઈ વનગૌસ્વામી તથા મંજુબેન દિનેશભાઈ વનગૌસ્વામી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેમને શારીરિક તથા માનસિક દુઃખત્રાસ આપી ગાળો બોલી હતી. તેમજ પતિએ શરીરે ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ હમીરભાઈ હાજાભાઈ કામળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ચાર ગામને પાણી પૂરું પાડવા માટે નાના કણકોટમાં ઊંચી ટાંકીનું ખાતમુહૂર્ત

લીલીયા, તા.૦૩



લીલીયા તાલુકાના નાના કણકોટ ગામમાં આજે પાણી પુરવઠા બોર્ડ દ્વારા ચાર ગામને પાણી પૂરું પાડવા માટે મંજૂર કરાયેલી ઊંચી ટાંકીનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે ખાતમુહૂર્ત વિધિ સંપન્ન થઈ હતી. કાર્યક્રમમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, ચાર ગામના સરપંચો - હસમુખભાઈ પોલરા (નાના કણકોટ), ધીરુભાઈ ખુમાણ (પાચતલાવડા), રાજુભાઈ દેસાઈ (નાના રાજકોટ), તાલુકા પંચાયત સભ્ય બાબુભાઈ ખુમાણ, ઊંચી ટાંકી માટે જમીન દાન આપનાર પ્રતાપભાઈ ખુમાણ તેમજ ચારેય ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

વિશેષ રૂપે આશ્રમના મહંત મુક્તાનંદગીરી બાપુની પણ આ પ્રસંગે હાજરી નોંધપાત્ર રહી હતી.

# રાજુલા પંથકમાં પ્રેમીએ શરીર સંબંધ બાંધી પ્રેમિકાને લગ્ન કરવાની ના પાડી

**આરોપી યુવતીનો પડોશી હતો**

રાજુલા, તા.૦૩

રાજુલા પંથકમાં રહેતી એક યુવતીને પ્રેમસંબંધ રાખવો ભારે પડ્યો છે. પ્રેમીએ શરીર સંબંધ બાંધી લગ્ન કરવાની ના પાડી હતી. જેને લઈ યુવતીએ પ્રેમી સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. પીડિતાએ રાજુલામાં રહેતા જીતુભાઈ ભોજભાઈ ધાખડા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી પહેલા તેની પડોશમાં રહેતો હતો અને તેની સાથે પ્રેમસંબંધ હતો. આરોપીએ તેને લગ્ન કરવાની લાલચ આપી લગ્ન કર્યા નહોતા. લગ્ન કરવાના બહાને તેને બોલાવી મરજી વિરુદ્ધ અવારનવાર શરીર સંબંધ બાંધી બળાત્કાર કર્યો હતો. રાજુલા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એમ. એફ. ચૌહાણ વધુ તપાસ કરી રહ્યા છે.

# ચલાલામાં ધારાસભ્ય જે. વી. કાકડીયાએ ખાદી ખરીદીને ગાંધી જયંતી ઉજવી

ચલાલા,તા.૦૩



ચલાલામાં ૨ ઓક્ટોબરે ગાંધી જયંતીની ઉજવણીના ભાગરૂપે ધારી-બગસરા-ખાંભાના લોકપ્રિય અને જાગૃત ધારાસભ્ય જે. વી. કાકડીયાએ પૂજ્ય ગાંધીબાપુની પ્રતિમાને ફૂલહાર પહેરાવીને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. ગાંધીબાપુના વિચારોને યાદ કરીને ચલાલાના ખાદી ભવનમાંથી કાર્યકરો સાથે ખાદીની ખરીદી કરી હતી. આ તકે ધારી તાલુકા પંચાયતના પૂર્વ ચેરમેન બાબુભાઈ વાળા, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ હિંમતભાઈ દોંગા, બાલાબાપુ દેવમુરારી, પ્રકાશભાઈ કારીયા, ભયલુભાઈ વાળા, અવિરતભાઈ માલા, વનરાજભાઈ જેબલીયા, અશોકભાઈ જોશી, ધીરૂભાઈ સોંડીગલા સહિત મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરોએ ખાદી ખરીદીને ગાંધી જયંતીની ઉજવણી કરી હતી, તેમ પ્રકાશ કારીયાએ જણાવેલ છે.

# સાવરકુંડલાની કાણકિયા કોલેજ ખાતે સમૂહ સફાઈ અભિયાન કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા,તા.૦૩




સા.કુંડલામાં શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી વી.ડી. કાણકિયા આર્ટ્સ એન્ડ એમ.આર. સંઘવી કોમર્સ કોલેજમાં એન.એસ.એસ. વિભાગ દ્વારા ગાંધી જયંતીના પૂર્વ દિવસે 'સ્વચ્છતા હી સેવા' અને 'માય ભારત પોર્ટલ' અંતર્ગત તા.૧-૧૦-૨૪ ના રોજ કોલેજ કેમ્પસ સમૂહ સફાઈ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. સ્વચ્છતા પખવાડિયાની ઉજવણીના ભાગરૂપે એનએસએસના વિદ્યાર્થીઓ દ્વારા કોલેજ કેમ્પસ, બગીચા, વર્ગખંડો, લાયબ્રેરી, કોલેજ કાર્યાલય તથા કોલેજ કમ્પાઉન્ડની આસપાસ સફાઈ હાથ ધરવામાં આવી હતી. કોલેજના પ્રિન્સિપાલ ડો. એસ. સી. રવિયા તથા એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડો. આશિષભાઈ ચૌહાણના નેતૃત્વમાં આ કાર્યક્રમનું આયોજન થયું હતું.

# સા.કુંડલાના હાથસણી ગામે વાડીએથી શ્રમિકનો મોબાઈલ ફોન ચોરાયો

અમરેલી, તા.૦૩

અમરેલી જિલ્લામાંથી વધુ બે મોબાઈલ ફોન ચોરાયાની ઘટના નોંધાઈ હતી. સાવરકુંડલાના હાથસણી ગામે પ્રતાપભાઈ દાદાભાઈ ડાવરાની વાડીએ રહેતા અને મજૂરી કામ કરતાં ભરતભાઈ જાદવભાઈ મોલાડીયા (ઉ.વ.૩૫)એ જાહેર કર્યા મુજબ, તેઓ ભાગવી રાખેલી વાડીએ સુતા હતા ત્યારે તેમના ૭૬૨૬ રુપિયાની કિંમતના ફોનની અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરી ફરાર થઈ ગયો હતો. રાજકોટમાં રહેતા અને ડ્રાઈવિંગનો ધંધો કરતાં ઘનશ્યામભાઈ લખીરામભાઈ કુબાવત (ઉ.વ.૫૫)એ જાહેર કર્યા મુજબ, ઢસા જંકશન ગોદડીયા નગર -૨ ખાતેથી કોઈ અજાણ્યો ઈસમ તેમનો મોબાઈલ ફોન ચોરીને ફરાર થઈ ગયો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: બીજ
તા. ૦૪-૧૦-૨૦૨૪, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૧૫,
સૂર્યાસ્ત-૦૬:૦૩, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ચિત્રા

## દૈનિક રાશિફળ

તા.૦૪-૧૦-૨૦૨૪ શુક્રવાર

મેષ: આજનો દિવસ તમારા માટે સુખદ રહેશે કેમ કે આજે તમે વિચારેલા કાર્ય પૂર્ણ થઈ શકે છે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિની સંભાવના રહેલી છે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે થોડો વ્યસ્ત રહેશે. સંતાન સુખમાં વૃદ્ધિ થશે અને ક્યાંકથી વસ્ત્રાદીની ભેટ મળશે.

મિથુન: આજનો તમારો દિવસ મિશ્ર ફળદાયક છે. પ્રત્યેક મામલામાં મિશ્ર પરિણામો મળશે. સંપત્તિના સુધાર તથા સારસંભાળમાં ખર્ચ વધશે.

કર્ક: આજે ગ્રહોની દશા તમારા દિવસને અનુકૂળ બનાવી રહી છે. સુખ-સંપત્તિમાં વિસ્તાર થશે. પરિવારમાં સુખ-શાંતિનું વાતાવરણ રહેશે.

સિંહ: આજે કાર્યક્ષેત્રમાં વધારાની જવાબદારી અને ધાર્મિક કાર્યોમાં વ્યસ્તતા વધશે. સંપત્તિનો વિસ્તાર થશે અને આવકમાં વૃદ્ધિ થશે.

કન્યા: આજનો દિવસ તમારા કાર્યક્ષેત્રમાં મુશ્કેલી ભરેલો હોઈ શકે છે. કોઈ ગેરસમજના કારણે ઓફિસમાં સહયોગીઓ સાથે વિવાદ થઈ શકે છે.

તુલા: ગ્રહોની સ્થિતિથી ખ્યાલ આવી રહ્યો છે કે આજનો દિવસ કાર્યક્ષેત્રમાં ઘણો વ્યસ્તતા ભરેલો રહેશે. આવકમાં વૃદ્ધિ થશે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે ઘણો કઠીન રહેશે. અકસ્માતે બિનજરૂરી ખર્ચ વધી શકે છે. જો તમે નોકરીમાં છો તો અધિકારીઓનો સહયોગ મળશે.

ધન: આજે ગ્રહો જણાવી રહ્યા છે કે આજે તમારા ઘરમાં કોઈ શુભ કાર્યના આયોજનથી મનમાં પ્રસન્નતા અને વ્યસ્તતા રહેશે.

મકર: આજે ભાગ્યનો ઉદય, ધન, કર્મ, શત્રુ ચિંતાઓનું દમન થશે. સર્વત્ર વિજય, હર્ષ મંગળમય પરિવર્તન અને મનોરથ સિદ્ધ થવાથી પ્રસન્નતા રહેશે.

કુંભ: આજનો દિવસ તમારા માટે દૈવી કૃપાવાળો બની શકે છે. ઘણા સમયથી રોકાયેલું ધન કોઈ મહાપુરૂષના સહયોગથી પ્રાપ્ત થઈ જશે.

મીન: આજનો દિવસ શુભ રહેશે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિનો યોગ બની શકે છે. સંતાન તરફથી સુખદ સમાચાર મળશે.

# રાજુલા પુંજાબાપુ ગૌશાળામાં નવા શેડનું લોકાર્પણ કરાયું

રાજુલા,તા.૦૩



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલાની પ્રખ્યાત પુંજાબાપુ ગૌશાળામાં આજે એક નવા શેડનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ પ્રસંગે રાજુલાના અનેક આગેવાનો અને સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. છેલ્લા ૬૦ વર્ષથી લગભગ ૮૦૦ જેટલા અંધ, અપંગ અને કેન્સરગ્રસ્ત ગૌવંશની સેવા કરતી આ ગૌશાળામાં નવા શેડનું નિર્માણ મુંબઈ સ્થિત રાજુલાના વતની એવા ગુલાબબેન ભવાનીદાસ જગજીવનદાસ દોશી પરિવાર દ્વારા કરવામાં આવ્યું છે. આ શેડની અંદાજિત કિંમત ૪૦ લાખ રૂપિયા છે. કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી જીવરાજભાઈ મહેતા પરિવારના ૯૨ વર્ષીય દુર્ગાબેન મહેતા, રાજુલાના પૂર્વ ધારાસભ્ય અમરિશ ડેર સહિતના અનેક અગ્રણીઓ હાજર રહ્યા હતા. ફેબ્રુઆરી ૨૦૨૪માં શરૂ થયેલ આ શેડનું નિર્માણકાર્ય સપ્ટેમ્બર ૨૦૨૪માં પૂર્ણ થયું હતું અને આજે દાતાઓના હાથે આ શેડને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન નિકુંજ પંડિત દ્વારા કરવામાં આવ્યું હતું.

# ઉંટીયા ગામે યુવકને જાનથી મારી નાખવાની ધમકી આપી

રાજુલા, તા.૦૩

રાજુલાના ઉંટીયા ગામે રહેતા અશ્વિનભાઈ લખમણભાઈ પરમાર (ઉ.વ.૧૯)એ રમેશભાઈ ઉકાભાઈ પરમાર નામના ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત મુજબ, અશ્વિનભાઈના ગામના ખીમજીભાઈએ આરોપી ઉપર ફરિયાદ કરી હતી. તેઓ ખીમજીભાઈના છોકરા સાથે રહેતા હોય જે બાબતનું મનદુઃખ રાખી આરોપીએ તેમને અશ્લીલ ગાળો આપી, ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ડુંગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. એલ. ભેરડા વધુ તપાસ કરી રહ્યા છે.







**તંત્રી લેખ**

# ગાયને મળ્યો રાજ્યમાતાનો દરજ્જો

નવરાત્રીના નવલા નોરતા ચાલી રહ્યા છે એ પહેલા જ ગાય માતાને રાજમાતાનો દરજ્જો મહારાષ્ટ્ર સરકારે આપ્યો છે. આજે ગાયની દુર્દશા બધાની નજર સામે છે. ભારતના બીજા રાજ્યો પણ ગાયને રાજ્યમાતાનો દરજ્જો આપે કે ન આપે પરંતુ તેની દુર્દશા અટકાવે તે આજની તારીખે ખાસ જરૂરી છે. મહારાષ્ટ્રની એકનાથ શિંદેની સરકારે ગાયને 'રાજ્યમાતા'નો દરજ્જો આપતો એક મહત્વપૂર્ણ આદેશ જારી કર્યો છે. આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ ભારતીય સંસ્કૃતિ અને વૈદિક કાળમાં ગાયનું મહત્વ હોવાનું કહેવાય છે. આદેશમાં જણાવાયું છે કે દેશી ગાયનું દૂધ માનવ આહાર માટે અત્યંત યોગ્ય છે અને તેનું આયુર્વેદિક દવા, પંચગવ્ય સારવાર પદ્ધતિ અને જૈવિક ખેતીમાં વિશેષ સ્થાન છે. સરકારે ગાયના દૂધ, મૂત્ર અને છાણના વિવિધ આરોગ્ય અને કૃષિ ઉપયોગોનો પણ ઉલ્લેખ કર્યો છે. આયુર્વેદમાં ગાયના દૂધને બાળકોના વિકાસ માટે અત્યંત ફાયદાકારક કહેવાયું છે. તેમજ ગૌમૂત્રના ઔષધીય ફાયદા અને જૈવિક ખેતીમાં ગાયના છાણના ઉપયોગને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો. ભારત દેશમાં ગાયનું ઘણું મહત્વ છે. હિંદુ ધર્મમાં ગાયને માતા માનીને પૂજા કરવાની પરંપરા છે. ગાયનું દૂધ, મૂત્ર અને છાણ પણ પવિત્ર માનવામાં આવે છે. ગાયનું દૂધ પણ ઘણું ફાયદાકારક છે. ગૌમૂત્રથી ઘણી બીમારીઓ દૂર થઈ શકે છે. ગાયનો ઉપયોગ ખેતીમાં પણ થાય છે. ખેતીના કામમાં ગાયનો ઉપયોગ ખેડાણ અને ખેતરોમાં કામ કરવા માટે થાય છે. તેનાથી ખેડૂતોને આર્થિક ફાયદો થાય છે. ગાય એ મુખ્ય દૂધ ઉત્પાદક પ્રાણી છે, જે દૂધ અને ડેરી ઉત્પાદનોનો સ્ત્રોત છે. તે ઘણા પરિવારોની આવકનો એક મહત્વપૂર્ણ ભાગ છે. ગાયના છાણ અને ગૌમૂત્રનો ઉપયોગ ઓર્ગેનિક ખેતીમાં થાય છે. તે કુદરતી ખાતર તરીકે કામ કરે છે અને જમીનની ફળદ્રુપતા વધારે છે અને રાસાયણિક ખાતરોની જરૂરિયાત ઘટાડે છે. ગાય ઈકોલોજીકલ બેલેન્સ જાળવવામાં મદદ કરે છે. ગાયના છાણમાંથી જે ખાતર બને છે તે જમીન માટે મહત્વપૂર્ણ છે અને કુદરતી ખોરાકની સાંકળમાં ફાળો આપે છે. ભારતીય સંસ્કૃતિમાં ગાયનું મહત્વ ઘણું ઊંડું છે અને પ્રાચીન ઈતિહાસમાં ભગવાન કૃષ્ણની ગાયની સેવા તેનું પ્રતીક છે. શ્રી કૃષ્ણએ ગાયો પ્રત્યે તેમનો વિશેષ પ્રેમ અને ભક્તિ દર્શાવી છે, જેને આજે પણ આદરપૂર્વક યાદ કરવામાં આવે છે. તેમના જીવન અને વાર્તાઓ ગાયોની સંભાળ અને સંરક્ષણનો સંદેશ ફેલાવે છે. ગાયને રાષ્ટ્રમાતા જાહેર કરવા માટે ઘણા સમયથી વિવિધ જૂથો અને સંગઠનો દ્વારા ચળવળો ચાલી રહી છે. આ માંગને સમાજમાં ગાય પ્રત્યે સન્માન અને તેની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે જરૂરી પગલા તરીકે જોવામાં આવી રહી છે. તાજેતરના વર્ષોમાં ગાયની તસ્કરી અને ગૌહત્યાના કેસોમાં થયેલા વધારાએ આ મુદ્દાને વધુ ગંભીર બનાવ્યો છે. રાજ્ય સરકારો આ સમસ્યાઓથી વાકેફ છે, પરંતુ આ બાબતો પર મજબૂત પગલાં લેવામાં ઘણી વખત નિષ્ફળ રહી છે. ગાયોના રક્ષણ માટે નક્કર પગલાંની જરૂર છે, જેથી તેમને યોગ્ય સન્માન અને રક્ષણ મળે.

# બે મિત્ર દેશો એકબીજાને ખતમ કરવા તૈયાર થયા!

**પ્રાસંગિક — સુરેશ દેસાઈ**

**એક સમયે ઇઝરાયલ અને ઈરાન વચ્ચે ગાઢ મિત્રતાના સંબંધો હતા. આજે આ બંને દેશો એકબીજાના અસ્તિત્વને ખતમ કરવાના પ્રયાસો કરી રહ્યા છે. આવું શા માટે બન્યું?**

ઈરાન અને ઈઝરાયેલની મિત્રતા દુશ્મનીમાં કેવી રીતે બદલાઈ? એની વાત રસપ્રદ છે. ઈરાન ઈઝરાઈલને જોવે એટલું ખનીજ તેલ આપતું હતું અને તેના બદલામાં ઈઝરાઈલ તેને શસ્ત્ર આપતું હતું હવે બંને દેશો યુદ્ધના આરે છે. ઈરાન અને ઈઝરાયેલ હવે યુદ્ધની અણી પર ઉભા છે. ઈરાને ઈઝરાયેલ પર ૧૮૦ થી વધુ મિસાઈલો છોડી હતી. હિઝબુલ્લાના ચીફ હસન નસરાલ્લાહના મોત બાદ ઈરાને ઈઝરાયેલ પર ૧૮૦થી વધુ મિસાઈલો છોડી છે. આ પછી તણાવ ઘણો વધી ગયો છે. ઈઝરાયેલે ઈરાનને આ હુમલાના ગંભીર પરિણામોની ચેતવણી આપી છે. સાથે જ G૭ દેશોએ ઈમરજન્સી બેઠક યોજી છે. જેમાં અમેરિકાએ ઈરાન પર પ્રતિબંધો વધારવાની વાત કરી છે. પરંતુ જે રીતે તણાવ વધી રહ્યો છે, તેનાથી એક વાત ચોક્કસ છે કે ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેનો સંઘર્ષ હજુ વકરતો જાય છે. ઈરાન અને ઈઝરાયેલ એકબીજાના કટ્ટર દુશ્મન છે અને હવે યુદ્ધની અણી પર ઉભા છે. તેનું કારણ છે ઈરાન દ્વારા ઈઝરાયેલ પર ૧૮૦ થી વધુ મિસાઈલ હુમલો, આ હુમલો ગત મંગળવારે રાત્રે થયો હતો, જ્યારે ઈઝરાયેલના આકાશમાં ઈરાની મિસાઈલોનો જોરદાર વરસાદ જોવા મળ્યો હતો. જો કે તે કોઈ રહસ્ય નથી કે ઈરાન અને ઈઝરાયેલ કટ્ટર દુશ્મન છે, ઘણા લોકોને જાણીને નવાઈ લાગશે કે એક સમય હતો જ્યારે બંને દેશો વચ્ચે ખૂબ જ ગાઢ સંબંધો હતા. પરંતુ આજે પરિસ્થિતિ સાવ જુદી છે. ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેના સંબંધો કેવી રીતે બગડ્યા તે સમજવા માટે ઈરાન-ઈઝરાયેલ સંબંધોનો ઈતિહાસ તપાસવો જરૂરી છે, જેથી જાણી શકાય કે મિત્રતા કેવી રીતે દુશ્મનીમાં બદલાઈ ગઈ. ઈઝરાયેલ ૧૯૪૮ પહેલા અસ્તિત્વમાં ન હતું. આ આખું પેલેસ્ટાઈન હતું, જે એક સમયે ઓટ્ટોમન સામ્રાજ્યનું શાસન હતું. ઈઝરાયેલ ૧૪ મે ૧૯૪૮ના રોજ અસ્તિત્વમાં આવ્યું.

સંયુક્ત રાષ્ટ્રએ ૧૯૪૭માં પેલેસ્ટાઈનના વિભાજન માટે પ્રસ્તાવ મૂક્યો હતો. આ પ્રસ્તાવ પેલેસ્ટાઈનને યહૂદી અને આરબ રાજ્યોમાં વિભાજીત કરવાનો હતો. જ્યારે, જેરુસલેમને આંતરરાષ્ટ્રીય શહેર બનાવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. યહૂદી નેતાઓએ આ પ્રસ્તાવ સ્વીકાર્યો, પરંતુ આરબ નેતાઓએ તેને સ્વીકાર્યો નહીં. ઈરાન એ ૧૩ દેશોમાં સામેલ હતું જેણે તેની વિરુદ્ધ મતદાન કર્યું હતું. ઈરાને ૧૯૪૯માં તેના વલણનો પુનરોચ્ચાર કર્યો, જ્યારે ઈરાને સંયુક્ત રાષ્ટ્રના સભ્ય તરીકે ઈઝરાયલના પ્રવેશ સામે મત આપ્યો. પ્રારંભિક વિરોધ છતાં, ભૌગોલિક રાજકીય અને વ્યૂહાત્મક હિતો ટૂંક સમયમાં ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ગુપ્ત સંબંધો તરફ દોરી ગયા. જોકે, ઈરાને જાહેરમાં ઈઝરાયેલને માન્યતા આપવાનો ઈન્કાર કર્યો હતો. પરંતુ વર્ષ ૧૯૫૦ સુધીમાં, ઈરાન તુર્કી




પછી ઈઝરાયેલને સાર્વભૌમ રાષ્ટ્ર તરીકે માન્યતા આપનારો બીજો મુસ્લિમ બહુમતી ધરાવતો દેશ બન્યો. શાહ શાસન દરમિયાન ઈરાન-ઈઝરાયેલ મિત્ર હતા. ૧૯૫૩ માં બળવા પછી, શાહનું શાસન ઈરાનમાં પાછું આવ્યું. આ ઈરાન-ઈઝરાયેલ સંબંધોમાં એક મહત્વપૂર્ણ વળાંક ચિહ્નિત કરે છે. મોહમ્મદ રેઝા શાહ પહલવીના સત્તા પર પાછા ફર્યા પછી, ઈરાન અને ઈઝરાયેલે ઘનિષ્ઠ અને બહુપરિમાણીય જોડાણ બનાવવાનું શરૂ કર્યું. ઈરાને ૧૯૫૦માં સત્તાવાર રીતે ઈઝરાયેલને માન્યતા આપી હતી, તે સમયે ઈરાનમાં પશ્ચિમ એશિયામાં સૌથી વધુ યહૂદી વસ્તી હતી. શાહ પહલવી શાસને ઈઝરાયેલને સાથી તરીકે જોયો. પરસ્પર લાભથી પ્રેરિત આ મિત્રતાએ ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે આર્થિક, લશ્કરી અને ગુપ્તચર સહયોગને પ્રોત્સાહન આપ્યું. તેઓએ સામ્યવાદી યુએસએસઆરને પશ્ચિમ એશિયામાંથી બહાર રાખવાના સામાન્ય હિતના આધારે ગાઢ સંબંધ પણ વિકસાવ્યો હતો, કારણ કે બંનેને મૂડીવાદી યુએસ દ્વારા ટેકો મળ્યો હતો. ઈઝરાયેલના તત્કાલિન વડાપ્રધાન ડેવિડ બેન ગુરિયનના નેતૃત્વમાં ઈરાનને મૈત્રીપૂર્ણ સ્થાન મળ્યું. સાઉદી અરેબિયાના દૈનિક આરબ ન્યૂઝના અહેવાલ મુજબ, નવા રચાયેલા યહૂદી રાજ્ય ઈઝરાયેલે તેનું ૪૦% તેલ ઈરાન પાસેથી મેળવ્યું હતું અને તેના બદલામાં શસ્ત્રો, ટેક્નોલોજી અને કૃષિ સંબંધિત સામાનનો વેપાર કર્યો હતો. ઈઝરાયેલની ઔદ્યોગિક અને સૈન્ય જરૂરિયાતો માટે ઈરાનમાંથી તેલ ખૂબ જ મહત્વપૂર્ણ હતું જ્યારે ઈઝરાયેલના દુશ્મન આરબ દેશોએ તેલ પર પ્રતિબંધ લાદી દીધો હતો. ૧૯૬૮માં સ્થપાયેલી ઈલાત-આશ્કેલોન પાઈપલાઈન કંપની એ એક મહત્વપૂર્ણ સંયુક્ત પ્રોજેક્ટ હતો જેણે ઈજિપ્તની માલિકીની સુએઝ કેનાલને બાયપાસ કરીને ઈરાની તેલને ઈઝરાયેલમાં પરિવહન કર્યું હતું. બદલામાં, ઈઝરાયેલે ૧૯૮૦ ના દાયકામાં ઈરાક સામે યુદ્ધ લડવા માટે ઈરાનને આધુનિક લશ્કરી સાધનો અને શસ્ત્રો આપ્યા. ધ ટાઈમ્સ ઓફ ઈઝરાયેલમાં છપાયેલા અહેવાલ મુજબ ઈરાનીઓએ ઈઝરાયેલથી હાઈ-ટેક મિસાઈલ સિસ્ટમ, એમ-૪૦ એન્ટી ટેન્ક ગન, ઉઝી સબમશીન ગન અને એરક્રાફ્ટ એન્જીન પણ આયાત કર્યા હતા. ઈરાનના શાહે ઈઝરાયેલની તેના પડોશીઓ સામેની સૈન્ય સફળતા માટે પણ વખાણ કર્યા હતા, ત્યારબાદ પ્રોજેક્ટ ફ્લાવર આવ્યો હતો, જે સંયુક્ત રીતે હાઈ-ટેક મિસાઈલ સિસ્ટમ વિકસાવવા માટેનું એક ઈઝરાયેલ-ઈરાની સાહસ હતું. આટલું જ નહીં પહલવીએ CIA અને મોસાદની મદદથી ૧૯૫૭માં ઈરાનની ગુપ્ત પોલીસ સાવકની રચના કરી હતી. ૧૯૭૯માં ઈરાની ક્રાંતિએ ઈરાન-ઈઝરાયેલ સંબંધોમાં મોટો ફેરફાર કર્યો. પહલવી વંશના પતન અને આયતુલ્લાહ ખામેનીના નેતૃત્વ હેઠળ ઈસ્લામિક રિપબ્લિકની સ્થાપનાએ ઈરાનની વિદેશ નીતિ અને વિશ્વ દૃષ્ટિકોણને સંપૂર્ણપણે ઉલટાવી નાખ્યો. જોકે, શરૂઆતના વર્ષોમાં ઈરાન અને ઈઝરાયલે સામાન્ય સંબંધો જાળવવાનો આગ્રહ રાખ્યો હતો. ઈઝરાયેલ અને ઈરાન બંનેએ સદ્દામ હુસૈનની ઈરાકી સરકારનો મુકાબલો તેમના હિતમાં કર્યો. બ્રિટિશ અખબાર ધ ઓબ્ઝર્વર અનુસાર, ૧૯૮૦-૮૮ના ઈરાન-ઈરાક યુદ્ધ દરમિયાન ઈઝરાયેલે ઈરાનને વાર્ષિક ૫૦૦ મિલિયન ડોલરના શસ્ત્રો વેચ્યા હતા. ટાઈમ મેગેઝિન અનુસાર, ઈઝરાયેલે આ સોદાઓને સરળ બનાવવા માટે સ્વિસ બેંક ખાતા પણ ખોલ્યા હતા. જેરુસલેમમાં ઈઝરાયેલી અધિકારીઓએ આશા વ્યક્ત કરી હતી કે શસ્ત્રોનો પુરવઠો ઈરાની સૈન્યને ખુશ રાખશે અને આયાતુલ્લાના શાસનને ઉથલાવી દેશે. ઈરાન-ઈરાક યુદ્ધ પછી પણ બંને દેશો વચ્ચે થોડા સમય માટે ગુપ્ત સંબંધો ચાલુ રહ્યા હતા, પરંતુ બાદમાં સંબંધોમાં ખટાશ આવી ગઈ હતી. ઈરાને ઈઝરાયેલને નાનો શેતાન ગણાવ્યો હતો. ઈરાન, જે એક ધર્મશાહી દેશ છે, તે ઈઝરાયેલને પેલેસ્ટાઈનની જમીન પર કબજો કરનાર માને છે. જ્યારે ઈઝરાયેલ સાથે સંબંધોમાં ખટાશ આવી ત્યારે ઈરાને ઈઝરાયેલને ×નાનો શેતાન× પણ કહ્યો, જ્યારે અમેરિકાને ×મોટો શેતાન× કહ્યો. શિયા ઈરાન મધ્ય પૂર્વનું શક્તિ કેન્દ્ર બનવા માંગતું હતું અને તેણે સુન્ની ઈસ્લામના મક્કા સાઉદી અરેબિયાને પડકારવાનું શરૂ કર્યું. તેણે ઈઝરાયેલ અને અમેરિકા બંનેને પ્રાદેશિક બાબતોમાં દખલગીરી પણ ગણાવી હતી. આ ઘટના પછી ઈરાની સરકારે ઈઝરાયેલ સાથેના તમામ રાજદ્વારી સંબંધો તોડી નાખ્યા અને ઈરાને પેલેસ્ટિનિયન અને અન્ય ઈઝરાયેલ વિરોધી ચળવળોને સક્રિયપણે સમર્થન આપવાનું શરૂ કર્યું. આ સમયગાળા દરમિયાન બંને દેશો વચ્ચેના સંબંધોમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. બીબીસીના અહેવાલ મુજબ, આ જ સમયગાળા દરમિયાન ઈરાને શિયા લેબનીઝ તત્વોને સમર્થન આપવાનું શરૂ કર્યું, જેણે પછીથી હિઝબુલ્લાનું સ્વરૂપ લીધું. ગલ્ફ વોર પછી સર્વાંગી દુશ્મનાવટ વધી. ૧૯૯૧માં ગલ્ફ વોરનો અંત ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ખુલ્લી દુશ્મનાવટના યુગની શરૂઆત થઈ. સોવિયેત યુનિયનના પતન અને એકમાત્ર મહાસત્તા તરીકે અમેરિકાના ઉદયથી આ પ્રદેશનું વધુ ધ્રુવીકરણ થયું. ઈઝરાયેલ અને ઈરાને એકબીજા સામે પ્રોક્સી વોર શરૂ કરી દીધી.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૪૦ | ૧૭૨૦ |
| ઘઉં લોકવન | ૫૪૦ | ૫૭૫ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૬૦૨ |
| જુવાર સફેદ | ૭૩૦ | ૭૮૬ |
| બાજરી | ૩૮૦ | ૪૫૦ |
| તુવેર | ૧૪૯૦ | ૨૦૭૫ |
| ચણા પીળા | ૧૩૧૦ | ૧૪૯૦ |
| ચણા સફેદ | ૨૨૦૦ | ૨૯૫૦ |
| અડદ | ૧૩૫૬ | ૧૬૭૬ |
| મગ | ૧૧૦૦ | ૧૭૦૦ |
| વાલ દેશી | ૧૩૫૦ | ૨૦૧૦ |
| વાલ પાપડી | ૧૫૫૦ | ૨૧૫૦ |
| ચોળી | ૧૬૩૦ | ૩૧૩૨ |
| વટાણા | ૬૦૦ | ૧૪૧૪ |
| સીંગદાણા | ૧૪૦૦ | ૧૫૩૦ |
| મગફળી જાડી | ૯૩૦ | ૧૧૭૫ |
| મગફળી જીણી | ૧૧૫૦ | ૧૪૧૦ |
| તલી | ૨૦૫૧ | ૨૬૧૧ |
| એરંડા | ૧૨૪૭ | ૧૩૦૦ |
| સુવા | ૧૧૨૦ | ૧૧૨૦ |
| સોયાબીન | ૮૯૮ | ૯૧૪ |
| સીંગફાડા | ૯૦૦ | ૧૩૦૦ |
| કાળા તલ | ૩૦૦૦ | ૩૮૦૦ |
| લસણ | ૪૦૦૦ | ૫૩૬૧ |
| ધાણા | ૧૧૭૦ | ૧૪૫૫ |
| મરચા સુકા | ૩૧૫૧ | ૩૧૫૧ |
| ધાણી | ૧૨૪૫ | ૧૪૮૦ |
| વરીયાળી | ૧૦૫૫ | ૧૫૦૦ |
| જીરૂ | ૪૪૦૦ | ૪૯૯૭ |
| રાય | ૧૦૪૦ | ૧૩૭૬ |
| મેથી | ૧૦૭૦ | ૧૩૭૪ |
| ઇસબગુલ | ૨૧૬૦ | ૨૧૬૦ |
| કલોંજી | ૩૫૫૦ | ૩૭૪૦ |
| રાયડો | ૧૦૫૦ | ૧૧૪૭ |
| રજકાનું બી | ૩૯૦૦ | ૪૯૫૦ |
| ગુવારનું બી | ૧૦૧૦ | ૧૦૯૦ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૧૫૦૦ | ૨૨૦૦ |
| બટેટા | ૩૦૦ | ૬૮૦ |
| ડુંગળી સુકી | ૩૭૫ | ૯૪૦ |
| ટમેટા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| સુરણ | ૧૧૦૦ | ૧૨૫૦ |
| કોથમરી | ૧૨૦૦ | ૧૬૦૦ |
| મુળા | ૩૦૦ | ૫૫૦ |
| રીંગણા | ૨૫૦ | ૫૦૦ |
| કોબીજ | ૨૨૦ | ૪૩૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૩૦૦ |
| ગુવાર | ૧૧૦૦ | ૧૬૦૦ |
| ચોળાસીંગ | ૬૦૦ | ૧૧૦૦ |
| વાલોળ | ૫૦૦ | ૧૦૦૦ |
| ટીંડોરા | ૩૦૦ | ૭૦૦ |
| દુધી | ૨૦૦ | ૪૦૦ |
| કારેલા | ૨૫૦ | ૫૦૦ |
| સરગવો | ૯૦૦ | ૧૪૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૮૦૦ |
| પરવળ | ૭૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૩૦૦ | ૬૦૦ |
| ગાજર | ૩૫૦ | ૬૩૦ |
| ગલકા | ૩૦૦ | ૬૦૦ |
| બીટ | ૨૦૦ | ૫૦૦ |
| મેથી | ૭૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૦૦ |
| આદુ | ૧૧૦૦ | ૧૫૫૦ |
| મરચા લીલા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| મગફળી લીલી | ૩૫૦ | ૬૮૦ |
| મકાઇ લીલી | ૧૫૦ | ૩૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૮૫૦ | ૧૦૯૦ |
| શિંગદાણા ફાડા | ૯૪૦ | ૧૨૭૫ |
| તલ સફેદ | ૧૭૪૫ | ૨૭૦૦ |
| તલ કાળા | ૨૬૮૦ | ૩૮૯૨ |
| બાજરો | ૪૦૨ | ૪૭૩ |
| જુવાર | ૬૪૦ | ૬૪૫ |
| ઘઉં ટુકડા | ૫૩૦ | ૬૨૬ |
| ઘઉં લોકવન | ૫૫૦ | ૬૪૧ |
| મકાઈ | ૪૨૫ | ૪૯૯ |
| મગ | ૯૦૦ | ૧૮૨૪ |
| અડદ | ૧૦૮૦ | ૧૮૬૦ |
| ચણા | ૧૨૦૫ | ૧૬૦૭ |
| કપાસ | ૭૦૦ | ૧૬૬૦ |
| એરંડા | ૧૦૪૦ | ૧૨૭૯ |
| જીરું | ૩૯૦૦ | ૪૭૦૦ |
| ધાણા | ૧૦૭૦ | ૧૩૭૧ |
| મેથી | ૧૦૦૦ | ૧૧૫૦ |
| સોયાબીન | ૭૩૫ | ૯૧૩ |
| રજકાનું બી | ૪૨૫૦ | ૫૪૯૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૬૦ | ૫૬૦ |
| રીંગણાં | ૩૦૦ | ૪૦૦ |
| ફુલાવર | ૪૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| ટામેટા | ૧૧૦૦ | ૧૫૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૬૦૦ | ૭૦૦ |
| દૂધી | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૨૫૦ | ૩૫૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| મૂળા | ૩૦૦ | ૪૦૦ |
| કાકડી | ૪૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૫૦૦ | ૮૪૦ |
| ચોળાલીલાં | ૫૦૦ | ૮૪૦ |
| તુરીયા | ૫૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૧૦૦ | ૨૦૦ |
| હળદર લીલી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમીર | ૧૦૦૦ | ૨૦૦૦ |
| મેથીભાજી | ૧૫૦૦ | ૧૮૦૦ |
| ફુદીનો | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૫૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| શીંગઓળા | ૭૫૦ | ૮૦૦ |
| વાલ | ૬૦૦ | ૮૦૦ |
| લીમડો મીઠો | ૯૦ | ૧૧૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૫૦૦ | ૮૦૦ |
| ડુંગળી સૂકી | ૪૪૦ | ૯૦૦ |
| લસણ સુકુ | ૪૦૦૦ | ૫૦૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૩૬૦ |
| લીંબુ | ૧૪૦૦ | ૨૦૦૦ |
| પાલક | ૫૦૦ | ૬૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૧૦૧ | ૧૬૩૬ |
| ઘઉં લોકવન | ૫૪૬ | ૬૦૪ |
| ઘઉં ટુકડા | ૫૨૬ | ૬૮૧ |
| મગફળી | ૭૫૦ | ૧૪૪૧ |
| સિંગ ફાડીયા | ૭૦૦ | ૧૪૩૧ |
| એરંડા / એરંડી | ૧૦૪૧ | ૧૩૦૬ |
| જીરૂ | ૩૮૫૧ | ૫૦૫૧ |
| ધાણા | ૧૦૦૦ | ૧૬૩૧ |
| લસણ સુકું | ૧૪૯૧ | ૫૦૪૧ |
| ડુંગળી લાલ | ૩૦૧ | ૮૪૧ |
| અડદ | ૧૧૭૧ | ૧૬૮૧ |
| તુવેર | ૧૬૨૧ | ૨૦૭૧ |
| રાય | ૧૧૮૧ | ૧૨૨૧ |
| મેથી | ૧૧૪૧ | ૧૨૭૧ |
| સફેદ ચણા | ૧૪૦૧ | ૩૦૪૧ |
| તલ - તલી | ૧૮૫૧ | ૨૫૯૧ |
| ધાણી | ૧૧૦૦ | ૨૦૦૧ |
| બાજરો | ૨૫૧ | ૪૩૧ |
| જુવાર | ૭૭૬ | ૮૮૧ |
| મકાઇ | ૪૨૬ | ૬૮૮૧ |
| મગ | ૧૧૬૧ | ૧૬૧૧ |
| ચણા | ૧૩૦૧ | ૧૫૧૬ |
| વાલ | ૧૦૦૦ | ૧૮૭૬ |
| વાલ પાપડી | ૧૨૫૦ | ૧૮૭૬ |
| ચોળા / ચોળી | ૨૫૦૦ | ૨૯૦૧ |
| સોયાબીન | ૭૮૧ | ૯૦૧ |
| ગોગળી | ૮૦૦ | ૧૦૨૧ |
| વટાણા | ૧૯૦૧ | ૧૯૦૧ |
| **રાજુલા** | | |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૨૬ |
| કપાસ | ૯૧૨ | ૧૪૫૯ |
| બાજરો | ૪૭૦ | ૫૧૬ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૬૩૦ |
| જુવાર | ૪૪૦ | ૮૧૪ |
| ચણા | ૧૦૨૫ | ૧૩૨૬ |
| સોયાબીન | ૬૦૦ | ૮૬૬ |
| અજમા | ૨૦૨૫ | ૨૦૨૫ |
| **મહુવા** | | |
| મગફળી | ૯૦૧ | ૧૭૦૦ |
| મગફળી | ૫૦૦ | ૧૦૮૮ |
| જુવાર | ૪૧૨ | ૭૪૨ |
| બાજરી | ૪૪૪ | ૫૪૨ |
| ઘઉં ટુકડા | ૪૪૯ | ૬૪૯ |
| મગ | ૬૨૪ | ૨૧૦૦ |
| ચણા | ૯૨૨ | ૧૪૦૩ |
| તલ સફેદ | ૧૮૯૯ | ૨૪૮૨ |
| તલ કાળા | ૩૭૬૫ | ૩૭૬૫ |
| ડુંગળી લાલ | ૨૦૫ | ૯૪૭ |
| ડુંગળી સફેદ | ૨૭૮ | ૧૧૧૨ |
| નાળીયેર | ૪૦૦ | ૨૬૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી નવી | ૮૭૮ | ૧૧૭૪ |
| બાજરી | ૪૫૦ | ૫૨૦ |
| ઘઉં | ૪૫૦ | ૬૨૫ |
| એરંડા | ૧૫૧૨ | ૧૨૫૦ |
| સફેદ તલ | ૨૨૦૦ | ૨૫૩૮ |
| કાળા તલ | ૨૮૦૦ | ૩૬૩૫ |
| સોયાબીન | ૮૦૦ | ૯૧૨ |
| જુવાર | ૬૦૦ | ૭૩૫ |
| અડદ | ૮૫૦ | ૧૭૩૨ |
| ચણા | ૯૦૦ | ૧૪૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૨૫ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૫૩૯ |
| ઘઉં ટુકડા | ૪૬૫ | ૫૫૩ |
| સોયાબીન | ૭૦૦ | ૮૫૭ |
| ચણા | ૧૧૦૧ | ૧૨૪૮ |
| ધાણા | ૮૧૦ | ૧૩૦૫ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૪૧૦ |
| મગફળી | ૫૫૦ | ૧૦૭૫ |
| અડદ | ૧૦૦૫ | ૧૪૧૧ |
| બાજરો | ૩૫૦ | ૪૦૧ |
| અડદ | ૧૦૦૫ | ૧૪૧૧ |
| મગ | ૧૦૯૦ | ૧૫૫૦ |
| જુવાર | ૭૩૫ | ૭૩૫ |
| **ધારી** | | |
| કપાસ | ૧૦૨૦ | ૧૪૭૯ |
| મગફળી | ૮૦૦ | ૧૦૫૫ |
| ઘઉં | ૪૮૫ | ૫૫૧ |
| ચણા | ૯૦૦ | ૧૧૦૦ |
| અડદ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ધાણા | ૧૧૫૦ | ૧૧૫૦ |
| તલ | ૨૩૦૦ | ૨૩૦૦ |
| **ખાંભા** | | |
| કપાસ નવો | ૧૩૫૧ | ૧૪૯૦ |
| મગફળી | ૮૦૦ | ૮૦૦ |
| ચણા | ૧૪૧૧ | ૧૪૧૧ |
| બાજરો | ૪૬૦ | ૪૬૦ |
| તુવેર | ૧૫૭૧ | ૧૫૭૧ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૦૦ | ૧૬૨૬ |
| ઘઉં | ૪૮૫ | ૬૦૫ |
| અડદ | ૧૨૯૦ | ૧૫૭૦ |
| મગ | ૧૨૯૦ | ૧૫૫૦ |
| મગફળી નવી | ૯૧૭ | ૯૬૩ |
| તલ | ૨૩૮૦ | ૨૬૯૦ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૯૦૦ | ૧૬૩૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૭૨ |
| ચણા | ૧૧૦૦ | ૧૪૨૦ |
| અડદ | ૯૧૦ | ૧૬૨૦ |
| મગફળી | ૭૦૦ | ૧૦૯૮ |
| શિંગ ફાડા | ૯૦૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૪૮૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૭૨૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૦૬ |
| સોયાબીન | ૭૦૦ | ૮૭૫ |
| **સાવરકુંડલા** | | |
| કપાસ | ૧૨૯૫ | ૧૫૭૦ |
| શિંગ જીણી | ૧૧૦૦ | ૧૨૦૧ |
| જીરૂ | ૪૨૦૦ | ૪૮૦૦ |
| બાજરો | ૪૧૦ | ૫૦૦ |
| મગ | ૧૨૮૦ | - |
| ચણા | ૧૨૩૬ | ૧૫૧૫ |
| વાલ | ૨૧૦૦ | - |
| તુવેર | ૧૩૮૦ | ૧૮૦૦ |

## શબ્દ સંજોગ-૧૮૭૯



**આડી ચાવી :**
(૧) ગણપતિ (૪)
(૪) એક ઝાડનો ગુંદર (૪)
(૭) પાસે પાસે સંકડાઈને આવી રહેલુ (૨)
(૮) માલિશ, ચંપી (૩)
(૧૦) ખારાશવાળુ તત્વ (૨)
(૧૧) વરકન્યાએ પરણતી વખતે સામસામે બોલવાની લીટીઓ (૩)
(૧૩) પવન ફૂંકવાનું એક સાધન (૩)
(૧૪) અણધારી આફત (૪)
(૧૬) બળ, શક્તિ (૨)
(૧૭) આવડેલુ, જ્ઞાત (૪)
(૧૮) નડતર, દુઃખ (૨)
(૧૯) ઈતિહાસ (૪)
(૨૧) સહાયતા માટેની આજીજી (૨)
(૨૩) વીસની સંજ્ઞા (૨)
(૨૪) શરીરે મોટું પણ અક્કલમાં ઓછુ (૩)
(૨૬) ગડગૂમડ ઉપર ચોપડવાનું ઔષધ (૩)
(૨૮) પીરસેલી થાળી (અ) (૨)
(૩૦) ધાતુની વસ્તુ ખખડવાનો અવાજ (૪)
(૩૧) પરોણાચાકરી (૪)

**ઉભી ચાવી :**
૧) પતંગના દિવસોમાં રમાતું લંગર (૩)
(૨) વાળની કિનારીવાળી બાળકોની ટોપી (૩)
(૩) એક વિદેશી દારૂ (૨)
(૪) આનંદ, સુખચેન (૪)
(૫) રક્ષણ (૨)
(૬) પ્રતિષ્ઠિત, આગેવાન (૪)
(૯) સિદ્ધ કરવા પ્રયત્ન કરનારુ (૩)
(૧૨) શક્તિ, કૌવત (૪)
(૧૫) ઉંચા ખાનદાનનું (૪)
(૧૬) પાસેપાસે, અડોઅડ (૪)
(૧૭) અજર અને અમર, અવિનાશી (૫)
(૨૦) બાળકનું ઘૂંટણિયે ચાલવુ તે (૩)
(૨૨) કવિતામાં આવતો ઉથલો (૩)
(૨૫) રૂપાળુ, સુશોભિત (૩)
(૨૭) એક છંદ (અ) (૨)
(૨૯) ચામડા ઉપરનો વેરો (૨)

## શબ્દ સંજોગ-૧૮૭૮ જવાબ

આડી ચાવી: (૧) લોખંડી (૪) વરાધ (૭) નસવાર (૯) તર (૧૦) લગીર (૧૨) રજ (૧૪) બરકત (૧૭) પા (૧૮) ભજન (૧૯) સન (૨૦) કાં (૨૨) કદ (૨૪) વાત (૨૫) ધારાવી (૨૭) વિનય (૨૮) પારસ (૩૦) સનદ (૩૧) ભરત.

ઉભી ચાવી: (૧) લોકલ (૨) ડીનર (૩) સવાર (૫) રાત (૬) ધરપત (૮) રજબ (૧૧) ગીચ (૧૩) ગુજરાત (૧૫) રસ (૧૬) કનકવી (૨૧) આધાર (૨૩) સવિતા (૨૪) વાયસ (૨૬) રાસભ (૨૮) યાદ (૨૯) કાંત.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# કાગવડ ગામથી નરેશભાઈ પટેલની આગેવાનીમાં ખોડલધામ મંદિર સુધીની પદયાત્રા

રાજકોટ,તા.૦૩

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડની દર વર્ષની પરંપરા મુજબ આસો નવરાત્રિના પ્રથમ દિવસે પદયાત્રા યોજાઈ હતી. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલની આગેવાનીમાં ૩ ઓક્ટોબર-ગુરુવારના રોજ કાગવડ ગામથી શ્રી ખોડલધામ મંદિર સુધી યોજાયેલી આ પદયાત્રામાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા અને પ્રથમ નોરતે મહાઆરતી, ધ્વજારોહણ અને યજ્ઞ થકી મા ખોડલના પોખણાં કરી નવરાત્રીનો શુભારંભ કર્યો હતો. નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, 'આ વર્ષે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા ગુજરાતભરમાં ૩૭ જગ્યાએ ગરબીઓ થવા જઈ રહી છે. દર વર્ષે ખોડલધામ મંદિર તરફ લોકોની આસ્થા અને શ્રદ્ધા પણ વધતી જાય છે. આજના આ દિવસે મા ખોડલને પ્રાર્થના કરીએ કે આપણી સંગઠનની જ્યોત જે પ્રજવલ્લિત કરી છે તેને આંચ ન આવે. આપણે



સૌ સમાજના કામ કરતાં કરતાં રાષ્ટ્રની સેવામાં આગળ વધીએ. ખોડલધામ કેન્સર હોસ્પિટલનું ખૂબ મોટું કામ કરવા જઈ રહ્યું છે. આગામી એકાદ મહિનામાં હોસ્પિટલનું કામ પણ શરૂ થઈ જશે. સર્વ સમાજ માટે થવા જઈ રહેલો આ સેવાયજ્ઞ આપણે સૌ સાથે મળીને પૂર્ણ કરીએ તેવી મા ખોડલને પ્રાર્થના કરું છું.' મંદિરે મા ખોડલની મહાઆરતી કરવામાં આવી હતી. ત્યારબાદ શ્રી ખોડલધામ મંદિરના શિખર પર ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. દર વર્ષની માફક આ વર્ષે પણ યજ્ઞશાળામાં યજ્ઞ કરવામાં આવ્યો હતો.

પદયાત્રામાં જોડાયેલા ભક્તો માટે ટ્રસ્ટ દ્વારા ફરાળ અને નાસ્તાની વ્યવસ્થા કરાઈ હતી. પદયાત્રાના માર્ગ પર ભક્તોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે સ્વયંસેવકોની ટીમ પણ ખડેપગે રહી હતી અને પાણી સહિતની વ્યવસ્થા સારી રીતે સંભાળી હતી.

# ગાયત્રી મંદિર અને સુરાપુરા દાદાના હવનમાં ધારાસભ્ય જે.વી. કાકડીયાનું સ્વાગત

અમરેલી, તા.૦૩



આજે વાંકાનેર શહેરમાં એક ધાર્મિક અને સામાજિક મહત્વની ઘટના બની હતી. ગાયત્રી મંદિર અને સુરાપુરા દાદાના હવન પ્રસંગે ધારી-બગસરાના ધારાસભ્ય જે.વી. કાકડીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. મશાલીયા રાવલ પરિવાર ટ્રસ્ટના પ્રમુખ હર્ષદભાઈ રાવલે આ કાર્યક્રમનું નેતૃત્વ સંભાળ્યું હતું. તેમની સાથે ગાયત્રી મંદિરના મહંત અશ્વિનભાઈ રાવલે પણ આ પવિત્ર પ્રસંગમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. રાવલ પરિવારના અન્ય પ્રતિષ્ઠિત સભ્યોએ પણ આ કાર્યક્રમમાં સક્રિય ભાગ લીધો હતો. જેમાં રજનીભાઈ રાવલ, હરેશભાઈ રાવલ, કિર્તીભાઈ રાવલ, નલીનભાઈ રાવલ અને મેહુલભાઈ રાવલનો સમાવેશ થાય છે.

# કોડીનાર ભાજપ પ્રમુખે ડોળાસા ગામે સભ્ય નોંધણી અભિયાન હાથ ધર્યું

ડોળાસા તા.૦૩




ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય નેતૃત્વના પાર્ટીના વિસ્તાર માટે દેશભરમાં સભ્ય નોંધણી કાર્યક્રમ ચાલી રહ્યો છે. આ અનુસંધાને કોડીનાર તાલુકાના ડોળાસા ગામે કોડીનાર ધારાસભ્ય ડૉ. પ્રદ્યુમનભાઈ વાઝા, તાલુકા બીજેપી પ્રમુખ ભગુભાઈ પરમાર, કોડીનાર તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ પરમાર દ્વારા સભ્ય નોંધણી અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડોળાસા ગામના માજી સરપંચ પ્રતાપભાઈ મોરી, કોડીનાર યાર્ડના સદસ્ય કાળુભાઈ બારડ, ભગવાનભાઈ જાદવ, ગોવિંદભાઈ કાતિરા વગેરે જોડાયા હતા.

# ભારત ફેઝ-૨ અંતર્ગત રાજયની ૮૦૩૬ ગ્રામ પંચાયતોને મળ્યું હાઈસ્પીડ ઈન્ટરનેટ

અમરેલી,તા.૦૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ ભારત ડિજિટલ યુગમાં સતત આગળ વધી રહ્યું છે. વડાપ્રધાનના ડિજિટલ ભારતના વિઝનને ધ્યાનમાં રાખીને ગ્રામીણ વિસ્તારો સુધી ઈન્ટરનેટની સુવિધા પહોંચાડવા માટે કેન્દ્ર સરકારે ૨૫ ઑક્ટોબર ૨૦૧૧ના રોજ નેશનલ ઑપ્ટિકલ ફાઈબર નેટવર્ક પહેલ શરૂ કરી હતી, જેને ૨૦૧૫માં ભારતનેટ પ્રોજેક્ટ નામ આપવામાં આવ્યું હતું. ભારતનેટ પ્રોજેક્ટના બીજા તબક્કાના સફળ અમલીકરણ માટે ગુજરાત સરકારે ગુજરાત ફાઈબર ગ્રીડ નેટવર્ક લિમિટેડ (GFGNL) નામના SPV (સ્પેશિયલ પપ oi વ્હિકલ)ની સ્થાપના કરી હતી, જેના અંતર્ગત ૨૨ જિલ્લાઓમાં ૩૫,૦૦૦થી વધુ કિમીનું ઑપ્ટિકલ ફાઈબર નેટવર્ક સ્થાપિત કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના



માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે ભારતનેટ ફેઝ-૨ અંતર્ગત ૮,૦૩૬ ગ્રામ પંચાયતોમાં ૧૦૦ Mbps સુધીનું હાઈસ્પીડ નેટવર્ક સ્થાપિત કર્યું છે અને ગ્રામ પંચાયત દીઠ ૧૨ ફાઈબરનું પ્રાવધાન કર્યું છે. હાલમાં રાજ્યમાં ૩૦૦ સ્થાનોએ GSWAN (જિલ્લા અને તાલુકા મથક) સાથે ભારતનેટ નેટવર્કનું સીમલેસ વર્ટિકલી એલાઈનમેન્ટ કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે, ભારતનેટ પહેલાં રાજ્યમાં ગ્રામ પંચાયત દીઠ નેટવર્ક સ્પીડ ૧૦૦ Kbps હતી, જે હવે ૧૦૦૦ ગણી વધીને ૧૦૦ Mbps સુધી પહોંચી ગઈ છે.

# ગીરગઢડાના તાલુકા પંચાયત પ્રમુખ અને ટીડીઓને પ્રમાણપત્ર એનાયત

ગીરસોમનાથ, તા.૦૩



ગીર સોમનાથ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ત્રિવેણી સંગમ, ઓડિટોરિયમ હોલ ખાતે સ્વચ્છતા હી સેવા ૨૦૨૪ ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સ્વચ્છતા ક્ષેત્રે વિશેષ કામગીરી કરનાર સંસ્થાઓને એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા, જેમાં ગીર સોમનાથ જિલ્લાના છ તાલુકા પૈકી ગીરગઢડા તાલુકો પ્રથમ ક્રમાંકે આવતા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતિ ભગવતીબેન સાંખટ, ટીડીઓ આર.એમ. ત્રિવેદી અને એસ. બી.એમ. સ્ટાફને પ્રમાણપત્ર આપી જિલ્લામાં સ્વચ્છતા ક્ષેત્રે સૌથી ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ બિરદાવવામાં આવ્યા હતા.

# ધોરાજી શહેરના રોડ-રસ્તાઓની દુર્દશાથી નાગરિકોમાં રોષ, તંત્રની નિષ્ક્રિયતા સામે સવાલો

ધોરાજી,તા.૦૩

ધોરાજી શહેરના રોડ રસ્તાઓની હાલત દિવસે દિવસે કથળતી જાય છે, જેના કારણે નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. શહેરના મુખ્ય માર્ગોથી લઈને આંતરિક રસ્તાઓ સુધી, બધે જ ખાડાઓનું સામ્રાજ્ય જોવા મળે છે. શહેરના પ્રવેશદ્વાર સમાન ઉપલેટા રોડ, જમનાવડ રોડ, જામકંડોરણા રોડ, જેતપુર રોડ અને જૂનાગઢ રોડની સ્થિતિ અત્યંત ખરાબ છે. નગરપાલિકા દ્વારા તાજેતરમાં ખર્ચવામાં આવેલા ૮ લાખની મોરમ ક્યાં ગઈ તે અંગે નાગરિકોમાં પ્રશ્નો ઉઠી રહ્યા છે. ખરાબ રસ્તાઓને કારણે અકસ્માતોનું પ્રમાણ વધ્યું છે, ખાસ કરીને વરસાદ પછીની સ્થિતિ વધુ બિસ્માર બની છે.




વાહનચાલકો, પગપાળા ચાલનારા નાગરિકો, બાળકો અને વૃદ્ધોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ધોરાજી કોંગ્રેસના મહામંત્રી ચિરાગભાઈ વોરા, સામાજિક કાર્યકર સલીમ મુગલ, શાહિદભાઈ ઘાંચી અને મુકેશભાઈ સહિતના અગ્રણીઓએ મીડિયા સમક્ષ જણાવેલ કે, "લોકો હવે ધોરાજીને 'ખાડાની નગરી' તરીકે ઓળખવા લાગ્યા છે. વહીવટી તંત્રે આ બાબતે શરમ અનુભવવી જોઈએ. તંત્ર દ્વારા તાત્કાલિક પગલાં નહીં લેવાતા નાગરિકો આક્રોશ વ્યક્ત કરી રહ્યા છે.

# સોમનાથ ખાતે નવેમ્બર મહિનામાં ભૂપેન્દ્ર પટેલ સરકારની ચિંતન બેઠક યોજાશે

ગીરસોમનાથ,તા.૦૩

ગુજરાતની ભૂપેન્દ્ર પટેલ સરકારની ૨૧ નવેમ્બરથી ત્રીદિવસીય ચિંતન બેઠક સોમનાથ ખાતે યોજાશે. ગુજરાત સરકારના તમામ મંત્રીઓ, સચિવ, ઉચ્ચ અધિકારીઓ આ ચિંતન બેઠકમાં હાજર રહેશે. ગીર સોમનાથ જિલ્લાના સોમનાથ ખાતે ૨૧-૨૨-૨૩ નવેમ્બરે ચિંતન બેઠકનું



આયોજન કરાયું છે. ગત વર્ષે મે મહિનામાં ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતું. ૧૯ થી ૨૧ મે દરમિયાન કેવડિયા કોલોની ખાતે ચિંતન શિબિર યોજાઈ હતી. સોમનાથ ખાતે યોજાનાર ચિંતન શિબિરમાં આરોગ્ય, પોષણ, શહેરીકરણ અને માળખાગત વિકાસ, સરકારી કર્મચારીઓ માટે તાલીમ અને ક્ષમતા નિર્માણ, ગ્રામ્ય વિસ્તારોમાં અને ક્ષમતા નિર્માણ શિક્ષણમાં ગુણાત્મક સુધારા અંગે ચર્ચા કરાશે. જેમાં ખાસ કરીને સિસ્ટનેબલ ડેવલપમેન્ટ માટે ૧૦ મુદ્દાઓ પર એક્શન પ્લાન તૈયાર થઈ શકે છે, જેમાં કોમ્યુનિટી એકશન પ્લાન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કુપોષણ નિવારણ, શૌચાલય, ખોરાક અને પોષણમાં વિવિધતા, ગ્રામ્ય કક્ષાએ જરૂરી દવાઓની ઉપલબ્ધી, નવજાત બાળકોની કાળજી માટે ઘરગથ્થું ઉપાયો, બાળકોના રસીકરણનો સમાવેશ થશે.

# ઉનામાં વાડી વિસ્તારના રહેણાંક મકાનની દિવાલ પર દીપડાનો વિસામો

ઉના, તા.૦૩

ઉનાના ભીમપરા વિસ્તાર



બાદ ભોયલા વાડી નામથી ઓળખાતા આ વિસ્તારમાં મુકેશભાઈ બાંભણીયાના રહેણાંક મકાન સુધી એક દીપડો આવી ચડયો હતો. એ રહેણાંક મકાનની ફરતે દિવાલ ઉપર દીપડો ચઢી ગયો હતો અને અંદાજે એક કલાક સુધી ત્યાંજ દિવાલ ઉપર બેસીને આરામ ફરમાવ્યો હતો. તેમજ આજુબાજુમાં આંટાફેરા કરતા સમગ્ર ઘટનાનો વીડિયો મકાનમાં લગાવેલા સીસીટીવી કેમેરામાં કેદ થયો હતો. જોકે અગાઉ પણ એ જ રહેણાંક મકાનની સામેના ભાગે એક સાથે બે દીપડા આવ્યા હતા અને મકાન સામે આરામથી બેસી અને જતા રહ્યા હતા.


## શ્રી ખેતિવાડી ઉત્પન્ન બજાર સમિતિ – અમરેલી

**જાહેર નિવિદા**

આથી શ્રી ખેતિવાડી ઉત્પન્ન બજાર સમિતિ, અમરેલીને નવા માર્કેટયાર્ડમાં સ્વ–ભંડોળ અંતર્ગત નીચે મુજબની વિગતે કામગીરી માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

**કામનું નામ :** ડીઝાઈન, મેન્યુફેકચર, સપ્લાય એન્ડ ઈન્સ્ટોલેશન ઓફ (પ્રિ એન્જીનીયર્ડ બિલ્ડીગ) ઓકશન શેડ વીથ રીમેઈનીંગ ફાઉન્ડેશન સીવીલ વર્કસ ઈન એકઝીસ્ટીંગ ઓપન પ્લેટફોર્મ એટ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ એગ્રીકલ્ચરલ પ્રોડયુસ માર્કેટ કમીટી, અમરેલી

| | |
|---|---|
| અંદાજીત રકમ : રૂા.૭૬૯.૪૬ લાખ<br>ઈ.એમ.ડી.: રૂા.૭,૭૦,૦૦૦–૦૦ | ટેન્ડર ફી : રૂા.૧૮,૦૦૦–૦૦<br>કામની સમય મર્યાદા : ૪–માસ |
| ટેન્ડર ડાઉનલોડ તથા સબમીશન કરવાની છેલ્લી તારીખ તથા સમય<br>ફીઝીકલ સમબીશનની તારીખ | તા.૧૫/૧૦/૨૦૨૪<br>સમય ૧૮:૦૦ કલાક સુધી<br>તા.૧૯/૧૦/૨૦૨૪,૧૫:૦૦કલાક સુધી |
| ટેન્ડર ખોલવાની તારીખ | તા.૧૯/૧૦/૨૦૨૪,૧૭:૦૦ કલાકે |
| વેબસાઈટનું નામ | www.nprocure.com |

ઉપરોકત કામો અંગે વિગતવાર માહિતિ ટેન્ડરમાં આપવામાં આવેલ છે તેમજ વધારે માહિતિ માટે ઓફીસ સમય દરમ્યાન શ્રી ખેતિવાડી ઉત્પન્ન બજાર સમિતિ–અમરેલી, મુખ્ય યાર્ડ, અમરેલીની કચેરી ખાતે સંપર્ક કરવો. ફોન : (૦૨૭૯૨) ૨૨૨૧૨૨, ૨૨૩૨૧૩

**નોંધ :** આવેલ ટેન્ડર ભાવ મંજુર/નામંજુર કરવા, ટેન્ડર રદ કરવા વગેરે તમામ અધિકાર સંસ્થાને અબાધિત રહેશે.

**(તુષાર એચ. હપાણી)** સેક્રેટરી — **(સુરેશભાઈ એમ. રોકડ)** વાઈસ ચેરમેન — **(શૈલેષભાઈ બી. સંઘાણી)** ચેરમેન

શ્રી ખેતિવાડી ઉત્પન્ન બજાર સમિતિ – અમરેલી


# લોકશાળા ખડસલી ખાતે સ્વચ્છ ભારત દિવસની ઉજવણી કરાઈ

સાવરકુંડલા, તા.૦૩

સાવરકુંડલાના ખડસલીમાં સ્વચ્છ ભારત દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળા કેમ્પસ સફાઈ તેમજ ખડસલી ગામના જાહેર સ્થળોની સફાઈ અને પ્લાસ્ટિકનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં નાનજીભાઈ મકવાણા, પ્રવીણભાઈ પટેલ, ગોવાભાઈ ગાગીયા તેમજ પીડી લાઈટ સંસ્થા વતી હીરાભાઈ દિહોરા અને તેમનો સ્ટાફ તેમજ લોકશાળા ખડસલીના તમામ સ્ટાફે કામગીરી કરી હતી.


## CHANGE OF NAME

I Undersigh I
SHAILESHBHAI MAGANBHAI KABARIYA
have changed my name
from SHAILESHKUMAR MAGANLAL KABARIYA To
SHAILESHBHAI MAGANBHAI KABARIYA
Now i will be known as
SHAILESHBHAI MAGANBHAI KABARIYA
Sigh : SHAILESHBHAI MAGANBHAI KABARIYA

## નામ બદલાવેલ છે

આથી હું જાહેર કરનાર
**શૈલેષભાઈ મગનભાઈ કાબરીયા** મારુ જુનું નામ
**શૈલેષકુમાર મગનલાલ કાબરીયા** માંથી બદલીને
**શૈલેષભાઈ મગનભાઈ કાબરીયા** કરેલ છે. તો હવેથી
હું **શૈલેષભાઈ મગનભાઈ કાબરીયા**
તરીકે ઓળખાઈશ.

## -//એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૮૦/૨૦૨૪

**અરજદાર :-** શ્રી શાંતિભાઈ દુદાભાઈ સાંયજા
રહે.કેરીયાનાગસ,તા.જિ.અમરેલી

-: વિરૂધ્ધ :-

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી -કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.કેરીયાનાગસ, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના કેરીયાનાગજ ગામના શાંતિભાઈ દુદાભાઈ સાંયજા તેઓના ભત્રીજી મંજુલાબેન લાલજીભાઈ સાંયજાના જન્મ તા.૦૧/૦૬/૧૯૭૦ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૨૬/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

## //તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયા ની કોર્ટમાં//

જન્મ નોંધ અરજી રજી.નં.૫૩/૨૦૨૪

**અરજદાર :-** (૧) શ્રી વેલજીભાઈ હરિભાઈ સવસવિયા
રહે.પુંજાપાદર, તા.લીલીયા, જી.અમરેલી
(૨) અરજદારના વકીલશ્રી એસ.પી. ભડકોલીયા
ઠે. 'વિરામ' લાઠી રોડ, મુ.લીલીયા મોટા, તા.લીલીયા, જી.અમરેલી

-: વિરૂધ્ધ :-

**સામાવાળા :-** તલાટી-કમ-મંત્રી- વ- જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, પુંજાપાદર, તા.લીલીયા, જિ.અમરેલી

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરાવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના પુંજાપાદર ગામના રહીશ શ્રી વેલજીભાઈ હરિભાઈ સવસવિયા એ તેમના પુત્રીનો જન્મ પુંજાપાદર મુકામે તા.૦૧/૦૬/૧૯૮૨ના રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે અરજદારશ્રી વેલજીભાઈ હરિભાઈ સવસવિયા ના પુત્રી શ્રી તૃપ્તીબેન વેલજીભાઈ સવસવિયાના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૮૨ માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તારીખ ૧૦/૧૦/૨૦૨૪ ના રોજ સવારના ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામા આવશે.

આજ તા. /૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લીલીયા**

## જાહેર નોટીસ

આથી હું નિચે સહી કરનાર એડવોકેટ કેતન પી. વૈયાટા લાગતા વળગતા સર્વોને આ નોટીસથી જાણ/તાકીદ કરૂ છુ. કે, અમારા પાસેથી અમારા અસીલ શ્રી વલ્લભભાઈ ડાયાભાઈ સિંધવ રહે. ગામ જલાલપુર, તા ગઢડા. જી.બોટાદ વાળાની મિલ્કત કે જેનુ વર્ણન નિચે પ્રમાણે છે.

**જલાલપુર ગામે ગ્રામ પંચાયત હદ વિસ્તાર માં આવેલ રહેણાંક મિલ્કત કે જેની વિગત નિચે મુજબ છે.**

**''રે.સં.નં.૧૯૬/૧, એકર ૧.૨૬ ગુંઠા''** માંહે આવેલ રહેણાંક હેતુ માટે માટેની બિનખેતીમાં ફેરવાયેલ પ્લોટની જમીન,

**રે.સં.નં.૧૯૬/૧, પ્લોટ નં.૩, જેના.ચો.મી. ૫૩૮.૨૬ ચો.વા. ૪૫૦.૦૫.**

**રજી.વેચાણ દસ્તાવેજ નં. ૯૦૭ તા. ૦૩-૦૪-૨૦૦૮**

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ ૧.મધુભાઈ ભીખાભાઈ,૨. મુળજીભાઈ ભીખાભાઈ, ૩.મગનભાઈ ભીખાભાઈ, ૪.હિંમતભાઈ ભીખાભાઈ,૫. વશરામભાઈ ભીખાભાઈ, ૬.સવજીભાઈ ભીખાભાઈ જાતે તેમજ નં. ૧ થી ૫ ના **કુ.મુ.સવજીભાઈ ભીખાભાઈ** પાસેથી ખરીદ કરેલ છે. અને સદરહું કુલ મુખત્યારનામું નોટરાઈઝડ વકિલ એસ. સી. ઠાકર (ગઢડા સ્વામીના) સમક્ષ રજી. નં.૧૧૮/૨૦૦૭, તા.૧૭/૦૨/૨૦૦૭ નોટરી રજીસ્ટર થયેલ છે. જે રજી. કુલમુખત્યારનામું ઉપરોકત વેચાણ સમયે અસ્તિત્વમાં હતુ. તેઓએ આ મિલ્કત સંદર્ભ અમારી પાસે ટાઈટલ કલીયર રિપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં કોઈ ઈશમ/વ્યકિતનું કે કોઈ પણ નાણાકિય સંસ્થા કે સરકારી,સહકારી કે અર્ધ સરકારી સંસ્થાનુ હિત સમાયેલુ હોય, કે ઉપરોકત મિલકત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામા આવેલ હોય, અથવા તો ઉપરોકત રજી. વેચાણ દસ્તાવેજ કર્યા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર દ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયા ને દિન-૩ માં લેખિત આધાર પુરાવા સાથે નિચે જણાવેલ સરનામે રજી.એડી.પોસ્ટ થી જણાવવુ, અન્યથા તે અંગે કોઈ હરકત,વાંધો,તકરાર,સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વચ્છાએ જતા (વેવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ રિપોર્ટ/એન.ઓ.સી. ઈશ્યુ કરવામા આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામા આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોધ લેવી,

**તારીખઃ-૦૩/૧૦/૨૦૨૪**
**અમરેલી,**
**ઓફીસ નં.૬૩, સરદાર શોપિંગ સેન્ટર,**
**જિલ્લા પંચાયત રોડ અમરેલી.**
**મો-૯૩૫૭૫૭૦૧૧૬**

**કેતન પી. વૈયાટા**
**એડવોકેટ**

**શક્તિની ઉપાસના માટે સમર્પિત આ પવિત્ર તહેવાર દરેક માટે શુભ સાબિત થાય**

# નવરાત્રીના પ્રથમ દિવસે પ્રધાનમંત્રી મોદી સહિત નેતાઓએ શુભકામના પાઠવી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૩

આજથી નવરાત્રીનો તહેવાર શરૂ થઈ ગયો છે. આજે પ્રથમ નોરતે રાજ્યભરના મંદિરોમાં દર્શનાર્થીઓની ભારે ભીડ જોવા મળી રહી છે. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને નવરાત્રીની શુભકામનાઓ પાઠવી છે. આ સાથે રાહુલ ગાંધી, અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ નવરાત્રીને લઈ શુભકામનાઓ પાઠવી છે.

નરેન્દ્ર મોદીએ નવરાત્રીની શુભેચ્છા પાઠવી છે કે તમામ દેશવાસીઓને નવરાત્રીની હાર્દિક શુભકામનાઓ. શક્તિની ઉપાસના માટે સમર્પિત આ પવિત્ર તહેવાર દરેક માટે શુભ સાબિત થાય. જય માતા દી. આ



સાથે અન્ય એક પોસ્ટમાં મોદીએ એક સ્તુતિ મૂકી છે. જેમાં તેણે લખ્યું કે, નવરાત્રીના પ્રથમ દિવસે મા શૈલપુત્રીને પ્રતિબદ્ધ પ્રાર્થના! દરેક વ્યક્તિ તેમની કૃપાથી ધન્ય બને. દેવી માતાની આ સ્તુતિ તમારા બધા માટે છે...

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ નવરાત્રીના પાવન પર્વની સૌને શુભેચ્છાઓ પાઠવતા કહ્યું મા દુર્ગાના આશીર્વાદ હંમેશા તમારી સાથે રહે અને તમારું જીવન ખુશીઓથી ભરેલું રહે. જય માતા દી.

# બરેલીમાં ફટાકડાની ફેક્ટરીમાં જોરદાર વિસ્ફોટ: ૩ના મોત, ૬થી વધુ ઘાયલ

(એ.આર.એલ),બરેલી,તા.૩

બરેલીમાં એક ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટ થયો હતો. નજીકના ૮ મકાનોને નુકસાન થયું છે. ૫ મકાનો ધરાશાયી થયા છે, ૩ના મોત નિપજ્યા છે.

જ્યારે ૬થી વધુ લોકો ઘાયલ થયા છે. વિસ્ફોટનો અવાજ લગભગ ૨ કિલોમીટર દૂર સંભળાયો હતો. માહિતી



મુજબ ૪ ઓફિસરોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ ઘટના બરેલીથી ૮૫ કિલોમીટર દૂર સિરૌલી વિસ્તારના કલ્યાણપુર ગામમાં બની હતી. અહીં એક ઘરમાં લગભગ ૧૦૦ કિલો ગનપાઉડર હતો અને લાયસન્સ વિના ફટાકડા બનાવવામાં આવી રહ્યા હતા ત્યારે અચાનક વિસ્ફોટ થયો હતો.

ગ્રામજનોએ તરત જ બચાવ કામગીરી શરૂ કરી હતી. પોલીસ અધિકારીઓ પણ ઘટના સ્થળે પહોંચી ગયા હતા.

# કોલકાત્તાની આરજી કર હોસ્પિટલના ટ્રેઈની ડોક્ટરોએ રેલી યોજી

કોલકાત્તા,તા.૦૩



કોલકાતાની આરજી કર કોલેજ અને હોસ્પિટલમાં ટ્રેઈની ડૉક્ટરનો રેપ- હત્યાના કેસ મામલે જુનિયર ડૉક્ટરોએ બુધવારે ફરી રેલી યોજી હતી. કોલકાતાના કોલેજ સ્ક્વેરથી ધર્મતલા સુધી આ રેલી કાઢવામાં આવી હતી. જુનિયર ડોક્ટરોએ ૧ ઓક્ટોબરથી ફરી હડતાળ શરૂ કરી છે. રાજ્ય સરકાર પર દબાણ લાવવા માટે કામકાજ સદંતર બંધ કરી દેવામાં આવ્યું છે. ડોક્ટરોની માંગ છે કે તેમને સંપૂર્ણ સુરક્ષા આપવામાં આવે. આ પહેલા જુનિયર ડોક્ટરોએ ૧૦ ઓગસ્ટથી ૪૨ દિવસ સુધી વિરોધ ચાલુ રાખ્યો હતો. ૨૧ સપ્ટેમ્બરે સરકારી હોસ્પિટલોમાં કામ પર પરત ફર્યા હતા.

# ઉત્તરપ્રદેશ દેશનું પ્રથમ ગરીબી મુક્ત રાજ્ય બનશે: યોગીની જાહેરાત

લખનૌ,તા.૦૩

ઉત્તર પ્રદેશમાં એક પણ ગરીબ નહીં રહે. યુપી દેશનું પહેલું રાજ્ય બનશે જે ગરીબીથી મુક્ત હશે. સીએમ યોગી આદિત્યનાથે આ જાહેરાત કરી છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મ જયંતીના અવસર પર સીએમ યોગીએ યુપીને ગરીબી મુક્ત બનાવવાનો સંકલ્પ કર્યો છે.



તેમણે કહ્યું કે આ માટે દરેક પંચાયતના સૌથી ગરીબ પરિવારોની ઓળખ કરવામાં આવશે. આ પછી તેમને મુખ્ય પ્રવાહ સાથે જોડવાના પ્રયાસો કરવામાં આવશે. સીએમ યોગીએ કહ્યું કે યુપી દેશનું પહેલું રાજ્ય બનશે જે શૂન્ય ગરીબી રાજ્ય હશે. આ માટે સરકાર દ્વારા સંપૂર્ણ રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે. સીએમ યોગીએ આ મેગા અભિયાનના રોડમેપ વિશે પણ માહિતી આપી હતી અને જણાવ્યું હતું કે સરકાર કેવી રીતે રાજ્યમાંથી ગરીબી દૂર કરવા માટે કામ કરી રહી છે.

# મણીપુરના ઉખરૂલ જિલ્લામાં બે જૂથ વચ્ચે ફાયરિંગ, ૩ના મોત

ઈમ્ફાલ,તા.૦૩

મણિપુરના ઉખરુલ જિલ્લામાં બુધવારે નાગા સમુદાયના બે જુથ વચ્ચે ફાયરિંગ થયુ હતું. જેમાં ૩ લોકોના મોત થયા હતા. ૧૦થી વધુ ઘાયલ થયા છે. પોલીસે ભારતીય ન્યાય સંહિતા (BNS), ૨૦૨૩ ની કલમ ૧૬૩ ની પેટા કલમ ૧ હેઠળ આ વિસ્તારમાં પ્રતિબંધિત આદેશો લાગુ કર્યા છે. આગામી આદેશો સુધી લોકોને ઘરની બહાર નીકળવાની મનાઈ છે. પોલીસે જણાવ્યું કે બંને જુથ નાગા સમુદાયના છે, પરંતુ હુનફૂન અને હાંગપુંગ નામના બે અલગ-અલગ ગામોના છે. બંને જુથ એક જ જમીન પર દાવો કરે છે. સ્વચ્છતા અભિયાનના ભાગરૂપે વિવાદિત જમીનની સફાઈ અંગે બંને પક્ષો વચ્ચે હિંસા ફાટી નીકળી હતી. વિસ્તારમાં આસામ રાઈફલ્સ ટુકડી તહેનાત કરવામાં આવી છે.



**એક જ જમીન પર દાવા બાબતે થઈ હતી હિંસા**

**આંતરિક કારણોસર આ પગલું ભરવામાં આવ્યું**

# બાંગ્લાદેશની સરકારે ભારત સહિત પાંચ દેશોના રાજદૂતોને ઢાકા પરત બોલાવ્યા

ઢાકા,તા.૦૩

બાંગ્લાદેશની વચગાળાની સરકારે તાજેતરમાં ભારત સહિત ૫ દેશોના રાજદ્વારીઓને ઢાકા પાછા બોલાવવાનો આદેશ જારી કર્યો છે. તેમાં ભારતના હાઈ કમિશનર મુસ્તફિઝુર રહેમાન, સંયુક્ત રાષ્ટ્રમાં સ્થાયી પ્રતિનિધિ મોહમ્મદ અબ્દુલ મુહિત, ઓસ્ટ્રેલિયાના



હાઈ કમિશનર એમ અલ્લામા સિદ્દીકી, બેલ્જિયમમાં રાજદૂત મહેબૂબ હસન સાલેહ અને પોર્ટુગલના રાજદૂત રેજીના અહેમદનો સમાવેશ થાય છે. દેશની વિદેશ સેવામાં અસંતોષને કારણે અથવા અન્ય આંતરિક કારણોસર આ પગલું લેવામાં આવ્યું હોઈ શકે છે, કારણ કે આ નિમણૂંકો રાજકીય ન હતી.

**હૈદરાબાદ ક્રિકેટ એસો.ના નાણાકીય ગેરવહીવટને લઈ**

# ટીમ ઈન્ડિયાના પૂર્વ કપ્તાન મોહમ્મદ અઝરૂદ્દીનને ઈડીએ સમન્સ પાઠવ્યું

હૈદરાબાદ, તા.૦૩

ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટન મોહમ્મદ અઝહરુદ્દીન હૈદરાબાદ ક્રિકેટ બોડીના ભ્રષ્ટાચારના કેસમાં ફસાયા છે. EDએ તેમને પૂછપરછ માટે સમન્સ પાઠવ્યા છે. અઝહરુદ્દીન પર હૈદરાબાદ ક્રિકેટ એસોસિએશનમાં ફંડનો દુરુપયોગ કરવાનો આરોપ છે. મળતી માહિતી



મુજબ આ મામલો ૨૦ કરોડ રૂપિયાની ઉચાપતનો કહેવાય છે. હૈદરાબાદ ક્રિકેટ એસોસિએશનમાં નાણાકીય અનિયમિતતાનો મામલો સામે આવ્યો હતો. જે બાદ ED HCA અધિકારીઓ સામે કાર્યવાહી કરતી જોવા મળી હતી.

EDએ ગુરુવારે પૂર્વ ક્રિકેટર અને કોંગ્રેસ નેતા મોહમ્મદ અઝહરુદ્દીનને HCA સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં સમન્સ પાઠવ્યું હતું. EDએ કુલ ૯ જગ્યાએ દરોડા પાડ્યા હતા.

# આ વખતે દેશમાં તા.૩૧ અને તા.૧ના રોજ દિવાળી મનાવાશે

અયોધ્યા,તા.૦૩


આ વખતે દેશમાં ૩૧ ઓક્ટોબર અને ૧ નવેમ્બર, એમ બે દિવસ દિવાળી મનાવાશે. અયોધ્યામાં ૧ નવેમ્બરે મનાવાશે જ્યારે કાશીના પંડિતોનું કહેવું છે કે દિવાળી અને લક્ષ્મીપૂજનનું શુભ મુહૂર્ત ૩૧ ઓક્ટોબરે છે. વૃંદાવનના બાંકે બિહારી મંદિર, નાથદ્વારાના શ્રીનાથજી મંદિર, તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ્ અને દેવભૂમિ દ્વારકાના જગત મંદિરમાં ૩૧ ઓક્ટોબરે દિવાળી મનાવાશે. બીજી તરફ રામેશ્વરમ્, ઈસ્કોન અને સૌ ગૌડિય મંદિરો અને નિમ્બાર્કી મંદિરોમાં દિવાળી ૧ નવેમ્બરે મનાવાશે. બંને તિથિઓ અંગે પંડિતો, વિદ્વાનો અને આચાર્યોના પોતપોતાના તર્ક છે. દેશનું રાષ્ટ્રીય પંચાંગ તૈયાર કરનારી વૈજ્ઞાનિક સંસ્થા પૉઝિશનલ એસ્ટ્રોનોમી સેન્ટર, કોલકાતાના કેલેન્ડરમાં દિવાળી ૩૧ ઓક્ટોબરે જ રખાઈ છે.



**દેશના મંદિરોમાં તા.૩૧ના રોજ તો અયોધ્યામાં તા.૧ના રોજ દિવાળી**

# દિલ્હીના જેતપુર વિસ્તારમાં બે સગીરોએ ડોક્ટરની ગોળી મારી કરી હત્યા

ન્યુ દિલ્હી,તા.૦૩



દિલ્હીના કાલિંદી કુંજના જેતપુર વિસ્તારની નીમા હોસ્પિટલમાં બે સગીરોએ ૫૫ વર્ષીય ડોક્ટરની ગોળી મારીને હત્યા કરી દીધી હતી. મૃતકની ઓળખ યુનાની ડોક્ટર જાવેદ અખ્તર તરીકે થઈ છે. ઘટના બાદ બંને આરોપીઓ ફરાર થઈ ગયા હતા. તેમની શોધખોળ કરવામાં આવી રહી છે. હોસ્પિટલ સ્ટાફના જણાવ્યા અનુસાર બંને આરોપીઓની ઉંમર ૧૬ થી ૧૭ વર્ષની વચ્ચે હતી. એક આરોપીને ૧ ઓક્ટોબરના રોજ પગના અંગૂઠામાં મોટી ઈજાની સારવાર આપવામાં આવી હતી. બુધવારે મોડી રાત્રે તે એક છોકરાને લઈને હોસ્પિટલ પહોંચ્યો હતો.

# ઈઝરાયેલનો દાવો: રોકેટ હુમલામાં નસરાલ્લાહના જમાઈનું પણ મોત

તેલઅવીવ,તા.૦૩

ઈઝરાયલે હિઝબુલ્લાહના વડા હસન નસરાલ્લાહના જમાઈ હસન જાફર અલ-કાસીરને પણ માર્યો હોવાનો દાવો કર્યો હતો. સમાચાર એજન્સી AFPએ સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે ઈઝરાયલી સેનાએ બુધવારે સિરિયાની રાજધાની દમાસ્કસમાં હવાઈહુમલો કર્યો હતો, જેમાં તેનું મોત થયું હતું. તેની સાથે વધુ બે



લોકો માર્યા ગયા છે. ૨૭ સપ્ટેમ્બરે ઈઝરાયલે રાજધાની બૈરૂતમાં હિઝબુલ્લાહના મુખ્યાલય પર ૮૦ ટન બોમ્બથી હુમલો કર્યો હતો, જેમાં હિઝબુલ્લાહના ચીફ નસરાલ્લાહ માર્યો ગયો હતો. આ હુમલામાં નસરાલ્લાહ ઉપરાંત તેની પુત્રી ઝૈનબનું પણ મોત થયું હતું. ઈઝરાયલ એકસાથે અનેક મોરચે લડી રહ્યું છે. લેબનાનમાં હિઝબુલ્લાહ, ગાઝામાં હમાસ, યમનમાં હુતિ બળવાખોરો ઉપરાંત ઈઝરાયલની સેના સિરિયા અને ઈરાનનો સામનો કરી રહી છે. IDFએ કહ્યું કે તેણે

**બિલ્ડીંગ પર થયેલા હુમલામાં ૧૫ સભ્યો માર્યા ગયા**

બુધવારે રાત્રે લેબનાનના બિન્ત જબલ ગામમાં એક બિલ્ડિંગ પર હવાઈ હુમલો કર્યો. હુમલામાં હિઝબુલ્લાના ૧૫ સભ્યો માર્યા ગયા હતા. ઈઝરાયલે આ હુમલાનો વીડિયો પણ જાહેર કર્યો છે.

# પંજાબના ખેડૂતોએ પડતર પ્રશ્ને રેલ રોકો આંદોલન શરૂ કર્યું

ચંડીગઢ,તા.૦૩


પાક MSPની કાયદેસર ગેરંટી અને અન્ય મુદ્દાઓને લઈને ફેબ્રુઆરીથી હડતાળ પર ઉતરેલા ખેડૂતોએ ગુરુવારે પંજાબમાં ટ્રેનોને અવરોધિત કરી હતી. દેશભરમાં કિસાન મજદૂર સંઘર્ષ સમિતિએ કેન્દ્ર સરકાર અને પંજાબ સરકાર સામે તેમની માંગણીઓને દબાવવા માટે ૨ કલાક માટે રેલવે ટ્રેક બ્લોક કરવાનો નિર્ણય લીધો હતો. આ અંતર્ગત કિસાન મજદૂર સંઘર્ષ સમિતિએ ફિરોઝપુર જિલ્લામાં પાંચ સ્થળોએ રેલવે ટ્રેક બ્લોક કરી દીધા. શંભુ બોર્ડર પાસે રેલવે ટ્રેક પર પણ ખેડૂતો હડતાળ પર બેઠા હતા. ફિરોઝપુર કેન્ટ રેલવે સ્ટેશનના ટ્રેક પર ખેડૂતો હડતાળ પર બેઠા હતા. સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. રેલવે ટ્રેક પર ખેડૂતોનો વિરોધ બપોરે ૧૨.૩૦ વાગ્યાથી શરૂ થયો છે અને બપોરે ૨.૩૦ વાગ્યા સુધી ચાલુ રહ્યો હતો. ખેડૂતો વતી પંજાબના ૨૨ જિલ્લાઓમાં ૩૫ જગ્યાએ અને હરિયાણામાં એક જગ્યાએ ટ્રેનને રોકવાની યોજના બનાવવામાં આવી છે. યુનાઈટેડ કિસાન મોરચા પંજાબમાં ૩૫ સ્થળોએ પોતાનો વિરોધ જારી રાખે છે. મોગામાં પણ રેલ્વે ટ્રેક જામ કરીને કેન્દ્ર અને સરકારનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. આ દરમિયાન ત્રીજી વખત ખેડૂતો અને કિસાન મજદૂર સંગઠનના બેનર હેઠળ રેલ્વે ટ્રેક પર વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. હડતાળને કારણે ચંદીગઢ, અંબાલા, અમૃતસર અને જમ્મુ રૂટ પ્રભાવિત થયા છે. ખેડૂતોના વિરોધને ધ્યાનમાં રાખીને ફિરોઝપુર ડિવિઝન અને અંબાલા ડિવિઝને ટ્રેનો રદ કરવાની અને ટૂંકી મુદતની જાહેરાત કરી છે. આ ત્રીજી વખત છે જ્યારે ખેડૂતોએ રેલવે ટ્રેક બ્લોક કર્યો છે.

**આત્મહત્યાનો પ્રયાસ કરતા પૂર્વે**

# ઉત્તરપ્રદેશના ગોરખપુરમાં માતાએ દીકરી અને ભત્રીજીની હત્યા કરતા ખળભળાટ

ગોરખપુર,તા.૦૩

યુપીના ગોરખનાથ પોલીસ સ્ટેશન વિસ્તારના પચપેડવા પાર્વતીપુરમ વિસ્તારમાં ૨ ઓક્ટોબર, બુધવારે બપોરે ૨ કલાકે શિવ પ્રસાદ ચૌહાણની પુત્રવધૂ બિંદુ ચૌહાણ (૩૦) એ તેની ૫ વર્ષની માસૂમ પુત્રી નયના ચૌહાણ અને અઢી વર્ષની ભત્રીજી શીતલ ચૌહાણને દોરડાની મદદથી આસપાસના



ઘરના રૂમમાં ફાંસી આપી હતી. બંને છોકરીઓ ફંદાથી પીડાતી રહી, પણ બિંદુનું હૃદય ફાટ્યું નહીં. તેમના મૃત્યુ પછી, તેણે દોરડું કાપીને છોકરીઓના મૃતદેહને નીચે લાવી અને તેમને બેડ પર સુવડાવી દીધા. આ કૃત્ય આચર્યા બાદ તેણીએ આત્મહત્યા કરવાના ઈરાદે નાકાહા રેલ્વે ક્રોસિંગ પાસે ટ્રેનની સામે ઝંપલાવ્યું હતું. આ દુર્ઘટનામાં બિંદુ ગંભીર રીતે ઘાયલ થઈ ગઈ હતી. પરિવારજનોની પૂછપરછ કર્યા બાદ યુવતીઓના મૃતદેહને કબજામાં લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યા હતા. આ બનાવની તપાસ શરૂ કરવામાં આવી છે.

પતિ માતાજીનો ભુવો હોય બહારગામ ગયો હોવાથી રાત્રીના અજાણ્યા ઈસમોએ ઘરમાં પ્રવેશ કરી

# ખાંભાના ઈંગોરાળા ગામે લૂંટ કરી વૃધ્ધાની હત્યા કરાતા ખળભળાટ

**વૃધ્ધાએ કાનમાં પહેરેલ રૂા.દોઢ લાખની સોનાની કડીઓની લૂંટ**

અમરેલી,તા.૦૩

ખાંભા તાલુકાના ઈંગોરાળા ગામે લૂંટ સાથે હત્યાનો બનાવ પ્રકાશમાં આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. ઈંગોરાળા ગામે રહેતા વૃધ્ધાની લૂંટના ઈરાદે હત્યા થઈ હોવાની મૃતકના પતિએ ખાંભા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. જેથી પોલીસે આરોપીઓને ઝડપી લેવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ખાંભા તાલુકાના ઈંગોરાળા ગામે રહેતા ફરિયાદી કાનાભાઈ દાહાભાઈ ગુજરીયાએ ખાંભા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે પોતે માતાજીના ભુવા હોય જેથી પહેલા નોરતાના દિવસ પૂર્વે તેમનો માતાજીનો મઢ નિંગાળા ૦૧ ગામે આવેલો હોય જેથી તેમના મોટા પુત્રને ત્યાં ગયા હતા તેમના પત્ની સોનાબેન ઈંગોરાળા ગામે દુકાન ચલાવી વેપાર ધંધો કરે છે. ઘરમાં વૃધ્ધા એકલા જ હોય તેની લૂંટારૂઓને જાણ હોવાની શક્યતા સેવાઈ રહી છે. તા.૩ના રોજ વહેલી સવારના ફોન દ્વારા એવુ જાણવા મળેલ કે પત્ની સોનાની તબિયત ખરાબ હોય જેથી તાત્કાલિક ઈંગોરાળા ગામે આવી જોતા પત્નીએ કાનમાં પહેરેલ સોનાની કડી નંગ-૬ કિં. રૂ. દોઢ લાખ ગાયબ હતી તેમજ મોઢા પર નખના નિશાન હતા. ઘરમાં રાખેલ કબાટનો સામાન પણ વેરવિખેર હતો. પત્નીને બેભાન અવસ્થામાં ખાંભા સરકારી દવાખાને લઈ જવામાં આવતા ડોકટરોએ મૃત જાહેર કરી હતી. આમ, ઈંગોરાળા ગામે લૂંટના ઈરાદે વૃધ્ધાની હત્યા થતા પોલીસ પણ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.



# રાજયમાં પહેલી વાર ગિરનાર પર્વત ઉપર ઉર્જામંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે ૧૧ કે.વી.નું લોકાર્પણ

જૂનાગઢ,તા.૩

ગિરનાર પર્વત ઉપર ૧૧ કે.વી.નું લોકાર્પણ કરવામાં આવ્યું. આ સાથે રાજ્યનું ઊંચાઈ ઉપર પ્રથમ સબસ્ટેશન તૈયાર થયું. ઊર્જામંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું. ઊર્જામંત્રીએ ગિરનાર પર્વત ઉપર માતાજીની પૂજા કર્યા બાદ આશીર્વાદ લીધા. ૧૧ કે.વી.ના લોકાર્પણ પ્રસંગે ઊર્જામંત્રી કનુભાઈ દેસાઈ ઉપરાંત ધારાસભ્ય સંજય કોરડીયા, જિલ્લા પંચાયત પ્રમુખ પણ ઉપસ્થિત રહ્યા હતા. નોંધનીય છે કે જૂનાગઢ ગિરનાર પર્વત પર છેલ્લા ઘણા વર્ષોથી વીજ સમસ્યા અને પાણીની સમસ્યા જોવા મળતી હતી જેના લીધે પર્વતના ધર્મસ્થાનો અને યાત્રિકો મુશ્કેલી અનુભવી રહ્યા હતા. આથી આ સંદર્ભે રાજ્ય સરકારને આ સમસ્યાની રજૂઆત કરાતા ૧૧ કે.વી.ની કામગીરી હાથ ધરાઈ હતી. જેના બાદ રાજ્ય સરકાર દ્વારા હાલ પીજીવીસીએલ દ્વારા ૧૧ કે.વી.ની વીજ લાઈન કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે . તેમજ રાજ્ય સરકાર દ્વારા ભવનાથથી પર્વત ઉપર પાણીની લાઈન નાખીને પૂરતા પ્રમાણ પાણી મળી રહે તેના માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી દેવામાં આવી છે.



# નવરાત્રીના પ્રથમ દિવસે શક્તિપીઠોમાં માનવ મહેરામણ, અંબાજી, પાવાગઢમાં ચિક્કાર ભીડ

(એ.આર.એલ),અમદાવાદ,તા.૩

નવરાત્રીનાં પ્રથમ દિવસે યાત્રાધામ અંબાજી, બહુચરાજી, ઊંઝા, કાગવડ ખાતે માતાજીનાં દર્શન કરવા માટે ભક્તોની ભીડ ઉમટી હતી. નોરતા શરૂ થાય અને શક્તિપીઠ અંબાજીમાં ભક્તો ન ઉમટી પડે એવું તો શક્ય જ નથી. નવરાત્રીના પહેલા દિવસે જ શક્તિપીઠ મા અંબાના દર્શન કરવા શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. બોલ માડી અંબેના નાદ સાથે મંદિર પરિસર ગુંજી ઉઠ્યું હતું. યાત્રાધામ અંબાજીમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. પ્રથમ નવરાત્રીમાં અંબાનાં દર્શન કરવા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ ઉમટ્યા હતા. માતાજીની એક ઝલક માટે ભક્તો વહેલી સવારથી જ લાઈનમાં ઉભા રહ્યા હતા. દ્વાર ખુલતા માતાજીનાં દર્શન કરવા ભક્તો દોડ્યા હતા. અંબાજી મંદિરને રંગબેરંગી ફૂલોથી શણગારવામાં આવ્યું હતું. માતાજીની આરતીમાં હજારો ભક્તો જોડાયા હતા.

# ગુજરાત સરકારની નીટના વિદ્યાર્થીઓ માટે મોટી જાહેરાત, ૭ નવી મેડિકલ કોલેજ શરૂ થશે

(એ.આર.એલ),ગાંધીનગર,તા.૩

બ્રાઉનફિલ્ડ મેડિકલ કોલેજોની નીતિમાં ફેરફાર બાદ રાજ્ય સરકારે વધુ સાત જિલ્લામાં નવી મેડિકલ કોલેજો ખોલવાના દ્વાર ખોલી દીધા છે. હાલમાં પાંચ જિલ્લાઓમાં બ્રાઉનફિલ્ડ મેડિકલ કોલેજો જૂની પોલિસી હેઠળ કાર્યરત છે.

આ નવી તકો નીતિ સુધારાથી ઊભી થઈ છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ૨૦૧૬માં રાજ્યની જિલ્લા કક્ષાની સરકારી હોસ્પિટલોને અપગ્રેડ કરવા અને તે જિલ્લાઓમાં હોસ્પિટલ-સંલગ્ન મેડિકલ કોલેજો ખોલવાની નીતિ બનાવવામાં આવી હતી, જેના ભાગરૂપે હાલમાં પાંચ જિલ્લામાં બ્રાઉન ફિલ્ડ મેડિકલ કોલેજો કાર્યરત છે. જેમાં પાલનપુર, અમરેલી, દાહોદ, ભરૂચ અને તાપી-વ્યારામાં કાર્યરત છે. હવે બ્રાઉનફિલ્ડ પોલિસીમાં સુધારા સાથે બોટાદ, દેવભૂમિ-દ્વારકા, ગીર સોમનાથ, ખેડા-નડિયાદ, છોટાઉદેપુર, મહિસાગર-લુણાવાડા અને ડાંગ-આહવા એમ કુલ સાત જિલ્લામાં બ્રાઉન ફિલ્ડ મેડિકલ કોલેજો શરૂ કરવામાં આવશે. બ્રાઉનફિલ્ડ મેડિકલ કોલેજની સ્થાપના થયા પછી પણ હોસ્પિટલમાં બ્લડ બેંક ફરજિયાતપણે ચાલુ રાખવી જોઈએ અને દર્દીની જરૂરિયાત અને પ્રાથમિકતાને ધ્યાનમાં રાખીને જરૂરિયાત મુજબ અને કોઈપણ પ્રકારના ભેદભાવ વિના તમામને મફત રક્ત ઉપલબ્ધ કરાવવું જોઈએ. નજીકની સરકારી સંસ્થાઓને પણ મફત રક્ત ઉપલબ્ધ કરાવવું જોઈએ.




# ઓલિમ્પિક ૨૦૩૬ માટે તૈયારીનો ધમધમાટ, એકેડેમીમાં ૧૧૪ એકરમાં બે મેગા સ્ટેડિયમ બનશે

(એ.આર.એલ),અમદાવાદ,તા.૩

આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતને આગામી દિવસોમાં ઓલિમ્પિકની મેજબાની કરવાની તક મળી શકે છે. આગામી ૨૦૩૬ની ઓલિમ્પિક ગેમ્સ એક્ટિવિટી ભારતમાં ગુજરાતમાં યોજાશે, આને લઈને સરકાર અને સ્થાનિક પ્રશાસને ખાસ તૈયારીઓ અત્યારથી જ શરૂ કરી દીધી છે. અમદાવાદ અને આજુબાજુના શહેરોમાં ઓલિમ્પિકને લગતી ગેમ્સ રમાડવા માટે ખાસ પ્રકારની સુવિધાઓ ઉભી કરાઇ રહી છે. હાલમાં મળતા રિપોર્ટ પ્રમાણે, ગાંધીનગરની કરાઈ એકેડેમીમાં ૧૧૪ એકરની જગ્યામાં બે સ્ટેડિયમમાં બનાવવામાં આવશે. આ ઉપરાંત સ્પોર્ટ્સ એક્ટિવિટી માટે અન્ય ફેસિલિટી માટે પણ કામ કરાશે. આગામી વર્ષોમાં ગુજરાત ઓલિમ્પિક ૨૦૩૬ની યજમાની કરી શકે છે. આને લઈને તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે. તાજા અપડેટ પ્રમાણે, ગાંધીનગરની કરાઈ એકેડેમીમાં ઓલિમ્પિક ૨૦૩૬ને લઈ વધુ સુવિધાઓ ઉભી કરાશે.

ગુજરાતના ઇતિહાસમાં પ્રથમ વાર નરાધમ આચાર્યને સજા મળે તે માટે

# દાહોદ બાળકી હત્યા કેસમાં માત્ર ૧૨ દિવસમાં ચાર્જશીટ

(એ.આર.એલ),દાહોદ,તા.૩

દાહોદની તોયણી શાળામાં બાળકીના મોત મામલે રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવીએ પોલીસની કામગીરીને બિરદાવી. બનાવના ૧૨ જ દિવસમાં ગૃહવિભાગે ચાર્જશીટ દાખલ કરી. દાહોદની તોયણી શાળામાં બાળકી સાથે બનેલ બનાવમાં સરકારે ઝડપી કામગીરી કરી. આ કેસની કાર્યવાહીને લઈને હર્ષ સંઘવીએ પોલીસની કામગીરીની પ્રશંસા કરવા સાથે કોંગ્રેસ પર પણ નિશાન સાધ્યું. હર્ષ સંઘવીએ ગાંધીનગરમાં પ્રેસ કોન્ફરન્સમાં માહિતી આપતા જણાવ્યું કે ગુજરાતના ઈતિહાસમાં કયારેય પણ આવી કામગીરી થઈ નથી. એવું પ્રથમ વખત બન્યું છે કે બનાવના ૧૨ દિવસની અંદર ચાર્જશીટ દાખલ કરવામાં આવી હોય. દાહોદ કેસમાં સરકારને મોટી સફળતા મળી છે. ગૃહ વિભાગે ૧૨ દિવસની અંદર ચાર્જશીટ દાખલ કરતાં ગુનેગારો સામે કડક વલણ અપનાવતા હોવાનો પુરાવો આપ્યો છે.



# વિંછીયાના મોટામાત્રા ગામે આડા સંબંધની શંકાએ યુવાનની હત્યા

જસદણ,તા.૦૩

વિંછીયા તાલુકાના મોટામાત્રા ગામે દેવીપૂજક યુવાન ઉપર આડા સંબંધની શંકાએ ચોટીલાના ધારેઈ અને સુરેન્દ્રનગરના સાયલા તાલુકાના કસવાળી ગામના સાત શખ્સોએ પરિવારની નજર સામે જ હુમલો કરતા ઈજાગ્રસ્ત યુવાનને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા બાદ તેનું મોત થતા બનાવ હત્યામાં પલટાયો હતો. વિંછીયાના મોટામાત્રા ગામે રહેતા મુળ ખારચીયાના વતની રાયધનભાઈ વશરામભાઈ સાડમીયાએ નોંધાવેલી પોલીસ ફરિયાદમાં આરોપી તરીકે ચોટીલાના ધારેઈ ગામના રમેશ મેરામ, સતા રમેશ, ટોના રમેશ, સાયલાના કસવાળી ગામના ચોથા સગરામ મંદુરીયા, રામકુ ચોથા મંદુરીયા, વનરાજ ચોથા મંદુરીયા અને ઉમેશ ચોથા મંદુરીયાનું નામ આપ્યું હતું. જે ફરિયાદમાં જણાવ્યા મુજબ, રાયધનભાઈનો નાનો ભાઈ મયુર ઉર્ફે મયલો વશરામભાઈ સાડમીયા(ઉ.વ.૨૨) ને સાયલાના કસવાળી ગામના વનરાજ ચોથા મંદુરીયાની પત્ની ગડુ સાથે આડો સંબંધ હોવાની શંકાએ વનરાજ સાથે ઝઘડો થયો હતો. ગઈકાલે સાંજે વનરાજ સહિતના સાતેય શખ્સો મોટામાત્રા ગામે ઝુપડામાં રહેતા દેવીપૂજક પરિવારના ઘરે ગયા હતા. જ્યાં મયુર હાજર ન હોય મોટામાત્રા ગામે મજૂરી કામેથી પરત આવતા મયુર અને તેના પરિવારજનો ચોકડી પાસે ઉભા હતા ત્યારે આ ટોળકીએ આવીને છરી, કુહાડી, પાઈપ, ધારિયા, લાકડી જેવા હથિયારો સાથે હુમલો કર્યો હતો. બાદમાં દેકારો થતા તમામ હુમલાખોરો ત્યાંથી નાસી ગયા હતા. આ હુમલામાં મયુરને ગંભીર ઈજાઓ થઈ હતી અને તેને પ્રથમ વિંછીયા સરકારી હોસ્પિટલ બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જો કે મયુરની ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત નિપજતા બનાવ હત્યામાં પલટાયો હતો.



# રાજકોટના ઈન્ચાર્જ ફાયર ઓફિસરનું રાજીનામુ, કોઈ ચાર્જ લેવા તૈયાર નથી

રાજકોટ,તા.૦૩

રાજકોટનાં TRP ગેમ ઝોનમાં ગત ૨૫ મેના રોજ આગ ભભૂકી ઉઠી અને ૨૭ નિર્દોષો જીવતા ભુંજાઈ ગયા હતા, જેમાં ફાયર NOC નહીં હોવાને લઈ ચીફ ફાયર ઓફિસર અને ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસરને જેલહવાલે કરાયા હતા. આ પછી તેમની જગ્યાએ કચ્છથી મુકાયેલા ચીફ ફાયર ઓફિસર લાંચ લેતા ઝડપાઈ જતા તેમને પણ જેલહવાલે કરવામાં આવ્યા છે. બાદમાં અમદાવાદનાં કલાસ-૧ ઓફિસરની નિમણૂક કરવામાં આવી હતી પરંતુ, તેમણે ચાર્જ નહીં સંભાળતા ફાયર NOCની કામગીરી લાંબા સમયથી ઠપ્પ હતી જેને લઈ મ્યુ. કમિશનર દ્વારા કલાસ-૩ ઓફિસર અમિત દવેને ચીફ ફાયર ઓફિસરનો ચાર્જ સોંપવામાં આવ્યો હતો અને તેમણે ચાર્જ પણ સંભાળી લીધો હતો. જો કે, હવે અમિત દવેએ અંગત કારણોસર રાજીનામુ આપી દીધું છે.













